

# ગુણાતીત જ્યોત






બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

વર્ષ ૫૧, અંક : ૧૨, તા.૨૧મી ડિસેમ્બર, ૨૦૨૧, સંવત - ૨૦૭૮ માગશર વદ - ૨, મંગળવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



3-૧૨-૭૧

<u>સ્વામીશ્રીજી</u>

ગુણાતીત સ્વામી બાપાની જય
મહારાજ ગુણાતીતાનંદની જય

—x—

આજરોજ સર્વોપરી ભગવાન [illegible] સાધુ અને આવા અક્ષરમુક્તો-ના સાથે અક્ષરધામમાં રહેવાનું બન્યું! તેમના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આત્મભાવનો ઉદધિ પ્રાપ્તિના [illegible] નીરંતર [illegible] ઉછળતો રહે- ને તેમાં [illegible] પડી જાય- [illegible] [illegible]- [illegible] [illegible] સૌજન્ય [illegible] નો રાસ- જીવનમંત્ર [illegible] પળપળ હું [illegible] [illegible]- [illegible] [illegible] ભરી નિર્દોષબુદ્ધિ સૌમાં [illegible] [illegible] પ્રસંગો <u>રસાળ</u> [illegible] [illegible] પ્રાર્થના-

<u>પપ્પા.</u>



# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? – પપ્પા



### શ્રીજી રસામૃત :–

પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને ને એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.

(વચ.ગ.મ.૯)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

...ત્યાગ, વૈરાગ્યને શું કરવા છે ? ને ગમે એવો જીવ હોય પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગી છે. ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તોય શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તો પણ શું ? માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ છે.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૩૨મી વાત)



### દિવ્યામૃત :–

પ્રસંગોમાં ફલાણે આમ કર્યું ને તેમ કર્યું તેવું દોઢ ડહાપણ કરીને જે દેવતાને સાથ આપીએ છીએ તે ના કરીએ. પ્રભુના બળે ભજન કર્યા કરીશું તો આંતરિક ધરતીકંપો જીરવાઈ જશે ને હલકાંફૂલ બની જ જ જ જ જ જ જ જ જ જ જ જ જ જ જઈશું.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિને... | ૫ |
| શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષાદિને... | ૬ |
| સત્સંગ સમાચાર... | ૭ થી... |



## પપ્પાજીની પરાવાણી...

'અહોહોભાવે આપણું જે છે તે ગુરુને સમર્પણ કરવું. આપણું પ્રિય, પોતાનું અહોહોભાવે આપવું તે સમર્પણ.'

તો આપણું પ્રિય શું ?

સામાનામાં મનુષ્યભાવ લેવો તે આપણને પ્રિય છે. હવે આ પોતાનું અહોહોભાવે અર્પણ કેવી રીતે થાય? આપણને સૌને થાય કે હું બરાબર છું. અમે દિવ્ય છીએ. બરાબર કરીએ છીએ પણ બીજું નથી કરતું એવું થાય તે જોયું કહેવાય, તે પોતાનું પ્રિય છે. તેનો યજ્ઞ કરવો છે. આ પ્રિય અર્પણ કરવા પોતે પોતાના જ ગુરુ બનવાનું. આપણે પળેપળનું જાગ્રત રહી નોંધીએ. તપાસ કરીએ કે હું સ્વલક્ષી જીવું છું કે પ્રભુલક્ષી ?

જ્યાં કોઈની ક્રિયા ના ગમે ત્યાં તે જગ્યાએ પપ્પાજી હોય તો શું કરીએ ? બા, બેન, ગુરુઓ હોય તો શું કરીએ ? માટે કોઈનું ખૂંચે, ક્રિયા ના ગમે તો આ રીતે પાછા વળી જવું. છતાંય અણગમો રહ્યા જ કરે તો ગુરુ પાસે નિષ્કપટ થઈ જવું. ને જે પ્રાયશ્ચિત આપે તે કરીશું તો લીલા મનાશે. બસ પોતાના તરફ સાધુની દ્રષ્ટિ રાખવી. બીજા બધાં તરફ ભગવાનની દ્રષ્ટિ રાખવી.

આપણે એના સંબંધવાળાના દાસ થઈ જઈએ તો સામો નમી જશે. મેં જોગીના સંબંધવાળા કાકાજીનું દાસત્વ કર્યું. એમના સંબંધવાળા બા હતાં તો બાનું દાસત્વ કર્યું. આમ મેં દાસત્વભક્તિ પર ચલાવ્યું તો બાપા વશ થઈ ગયા. હકીકત છે. જ્યારે મૂળવૃત્તિની પરીક્ષા લે ત્યારે મહારાજ મહારાજ. મારે અભાવ લેવો નથી. પરીક્ષામાં પાસ થવું જ છે. તેવી ભાવનાથી મંડશો તો પાસ થઈ જવાશે ને રૂપાંતર થઈ જશે.

તમને ખાસ કહી દઉં કે મૂળવૃત્તિની પરીક્ષા લેશે જ. મારી મૂળવૃત્તિ સાત્ત્વિકતાની હતી તો તેની લીધી. પણ ખપ હતો તો સ્વામી સ્વામી કર્યા કર્યું તો પાસ થઈ ગયા. જ્યારે શુદ્ધિકરણ થતું હોય ત્યારે થાય કે પેલો મને હેરાન કરે છે. આમ કરે છે ને તેમ. પણ ના એ બાપા જ પરીક્ષા લે છે. જો આપણે આઘા-પાછા થયા તો કહેશે કે કમ નેક્સ્ટ. આ અનુભવની વાતો છે. કારણ પળેપળનું સંચાલન મળ્યા છે તે પ્રત્યક્ષ સ્વરૂપનું ચાલે છે. માટે મનના તુક્કા ભેળું ભળવું નહીં. પ્રકૃતિપુરુષ સુધીના મૂલ્યાંકનોથી બીજા-ત્રીજા ઉપાય લેવાનું મન થઈ જાય પણ સંબંધવાળા આગળ નહીં જોવાનું એવી જાતનું દ્રઢીભૂત જ્ઞાન કરી દેવું.

બાપાએ ૧૯૫૨થી અમારું શરૂ કરી દીધેલું. બાનું કુટુંબ ને અમારું કુટુંબ. નાના પાયા પર શરૂ થયું ને ૧૯૬૬માં મોટા પાયા પર પ્રોડક્શન બહાર પાડ્યું. કેટલા બધાં એકાંતિકો તૈયાર થઈ ગયા ! અમે એવી એવી કસોટીઓમાંથી પસાર થયા છીએ. કર્તાહર્તા બાપાને જ માન્યા તો આ શક્ય બન્યું. એટલે કર્તાહર્તા બાપાને માનીએ. દાસના દુશ્મન હરિ કે'દિ હોય નહીં. એમ યથાર્થ નિષ્ઠા થઈ જશે ને આનંદના ફુવારા છૂટી જશે.

(તા.૨૪.૫.૧૯૭૪)



# સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિને...

શ્રીજીમહારાજે સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ ૩૧મી ડિસેમ્બરના ફણેણી ધામે કર્યો હતો. સ્વામિનારાયણ મંત્રના રટણથી આલોક ને પરલોકના મનોરથ પૂરા થાય. કાળ, કર્મ, માયાથી રક્ષા થાય. સ્વભાવ, પ્રકૃતિ પલટાય. અક્ષરધામનાં પ્રારબ્ધ થાય. તેવો મોક્ષદાયી આ સ્વામિનારાયણ મહામંત્ર છે. આ મંત્રમાં શ્રધ્ધા રાખી જે જે પ્રભુને સંભારે છે તેની વહારે પ્રભુ આવીને રક્ષા કરે છે. આ મંત્રરટણથી પ્રભુ ઉપાયભૂત થયા હોય તેવા પ્રસંગોની સ્મૃતિ કરીએ...

★ ૨૦૦૧ની સાલમાં કચ્છમાં ભૂકંપ થયેલો. અઠવાડિયા પછી હું ને મારા પિતાશ્રી કચ્છમાં મારા પતિની (પોસ્ટીંગ) જોબ હતી તો તેમને મળવા ગયેલા. ભૂજ સ્વામિનારાયણ મંદિરનાં દર્શને ગયા ત્યાંથી પાછા વળતા હતાં ને મંદિરની બાજુની જગ્યાએ એક મોટો સ્લેબ તૂટી પડ્યો. અમે ખૂબ ગભરાઈ ગયા. અંતરથી બોલાઈ ગયું ‘હે પપ્પાજી ! રક્ષા કરો, રક્ષા કરો.’ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ તીવ્ર રટણ અંતરમાં ચાલુ થઈ ગયું. પપ્પાજીનાં દર્શન થયાં. હૈયે હાશ વર્તાઈ. અમે સાઈડમાંથી હળવે હળવે ત્યાંથી નીકળી ગયા. ને પછી બધુ તૂટીને પડવા લાગ્યું. આ મંત્રરટણના પ્રતાપે અમારી રક્ષા થઈ ગઈ.

– પૂ.અનીતાબેન બલરામભાઈ શર્મા, વડોદરા

★ વર્ષો પહેલા મને પેરેલીસીસનો એટેક આવેલો ત્યારે મનથી ખૂબ ઢીલી થઈ ગયેલી. પપ્પાજીને અંતરથી પ્રાર્થના કરી કે, ‘તમે જ મારા ડૉક્ટર ને દવા. મને અધમૂઈ નહીં કરતાં.’ એમ પ્રાર્થના સાથે સ્વામિનારાયણ મંત્ર રટણ ચાલુ જ હતું. તો પપ્પાજીએ મારી પ્રાર્થના સ્વીકારી ને મને સારું થવા લાગ્યું. પછી કસરત કરવા જતી ત્યારે પણ મંત્ર રટણ ચાલુ જ રાખતી કે કોઈ અંગ શિથિલ ના રહી જાય. અત્યારે મને સારું છે એ મંત્રરટણનો પ્રતાપ છે.

– પૂ.જસુબેન મનસુખભાઈ ચોવડિયા, સુરત

★ ૧૨મું ધોરણ પાસ કર્યા બાદ આઈ.ટી.માં એડમીશન લેવાની ઈચ્છા થઈ. પણ માર્કસ જોતા શક્ય ન હતું. હું જ્યોતમાં આશીર્વાદ લેવા ગયો. પૂ.દયાબેને મને આજ્ઞા કરી કે, ‘પપ્પાજી સર્વોપરી છે તેમને સંભારીને ધૂન કરજે. શ્રધ્ધા રાખજે. તને એડમીશન મળી જશે.’ ને મેં શ્રધ્ધાથી સ્વામિનારાયણ મંત્ર રટણ શરૂ કરી દીધું. પછી ઈન્ટરવ્યુમાં ગયો. ખૂબ લાંબી લાઈન હતી. ૩૦૦ અરજીઓમાંથી માત્ર ૩૦ વિદ્યાર્થીઓને જ લેવાના હતા. મારો ઈન્ટરવ્યુમાં નંબર લાગ્યો. ઈન્ટરવ્યુ આપ્યો ને આટલી મોટી સંખ્યામાં ટકાવારી પૂરતી ન હોવા છતાં એડમીશન મળી ગયું. એ પપ્પાજી-દયાબેનની કૃપા. તેમણે જ પ્રભુનો આશરો રખાવી મને અનુભૂતિ કરાવી કે શ્રધ્ધાપૂર્વક કરેલા મંત્રરટણથી શું ના થાય !

– પૂ.ચિરાગભાઈ પટેલ, વિદ્યાનગર

આમ કેવળ કૃપામાં શ્રી હરિએ આ મહામંત્ર આપી આપણને ધન્ય કરી દીધા. તો આ મહામંત્રનું નિરંતર રટણ કર્યા કરીએ એ જ શ્રી હરિ તેમજ ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપોને પ્રાર્થના.



# પોષીપૂનમ – શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના દીક્ષાદિને...

પૃથ્વી પર અધર્મનો નાશ કરી, એકાંતિક ધર્મના સ્થાપન અર્થે શ્રીહરિનું આગમન થયું. ચારેકોર અંધશ્રદ્ધા, અત્યાચાર, અનીતિ, વ્યસન, વ્યભિચાર, પાખંડ ફેલાઈ રહ્યાં હતા. યજ્ઞના નામે હિંસક પ્રવૃત્તિઓ ચાલતી હતી. આવી કરુણ પરિસ્થિતિમાં ગુજરાતની ભોળી પ્રજાની સ્થિતિ વધુ કફોડી હતી. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, શ્રદ્ધા, સંત સમાગમમાં અંધકાર છવાઈ ગયો હતો. તેમાં જાગ્રતતા લાવી પ્રકાશ પાથરવાનો અવસર આવી ચૂક્યો હતો. આ કાર્યને સનાતન વેગવંતુ બનાવવા શ્રીહરિએ સંવત ૧૮૬૬ના કાર્તિકી પૂનમે શ્રી મૂળજી શર્માને દર્શન આપીને કહ્યું કે, 'આપણે શું કરવા આવ્યા છીએ અને શું થઈ રહ્યું છે ? બ્રહ્મતેજ તો સાવ સૂકાઈ ગયું છે. હવે ચાલી નીકળો...!'

શ્રીહરિને રહેવાનું ધામ એવા શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી પ્રગટ્યા શરદપૂર્ણિમાએ ને દીક્ષાદિન પોષીપૂનમે. આમ ચંદ્રના પૂર્ણ પ્રકાશ સમ બ્રહ્મતેજ સમગ્ર સત્સંગમાં પ્રસારવાના યુગકાર્યના પગરણ મંડાયાં. બાલ્યાવસ્થાથી સ્વામીશ્રી સાધુતાના રંગે રંગાયેલા હતા. શ્રીહરિનો આદેશ મળ્યો કે, '... હવે ચાલી નીકળો, બ્રહ્મતેજ સૂકાઈ ગયું છે !' તે જ ક્ષણે ખેતરમાંથી સીધા ગઢપુર પહોંચી ગયા. અખંડ વૃત્તિ તેમની શ્રીહરિમાં જ રહેતી. કોઈ પ્રકારની વાસના જ નહીં. સમય જતાં પંચાળામાં શ્રીહરિએ શ્રી મૂળજી શર્માને દીક્ષા આપવાનો સંકલ્પ કર્યો. આ માટે શ્રીહરિએ ડભાણમાં એક મહાયજ્ઞનું આયોજન કર્યું ને યજ્ઞના અંતિમદિને દીક્ષા આપવાનો નિર્ધાર કર્યો.

શ્રીહરિએ પોતે દેશ-દેશમાં કંકોત્રી લખાવીને ભક્તોને નિમંત્રણ પાઠવ્યું. ડભાણમાં સર્વ પ્રકારની વ્યવસ્થાની ગોઠવણ કરી. મહાયજ્ઞનો પ્રારંભ થયો. ...ને અંતિમદિન આવી પહોંચ્યો. ડભાણનું વાતાવરણ ખૂબ પવિત્ર ને ભક્તિમય સર્જાઈ ગયું.

સંવત ૧૮૬૬ના પોષ સુદિ પૂર્ણિમાએ શ્રીહરિ શ્રી મૂળજી શર્માને દીક્ષા આપવા પધાર્યા. શ્રી મૂળજી શર્માના કપાળમાં ચંદન અર્ચા કરી, કંઠી, જનોઈ ધારણ કરાવી, ગાતરિયું ઓઢાડ્યું. માથે પાઘ મૂકી ગુણાતીતાનંદસ્વામી નામાભિધાન કર્યું. દીક્ષા આપતાં શ્રીહરિએ સભાજનોને કહ્યું કે, 'આ મૂળજી શર્મા કે જે મારું મૂર્તિમાન અક્ષરધામ છે. તેને આજે દીક્ષા આપતાં અતિ હર્ષ થાય છે. જેને વિષે અમે અમારા અનંત મુક્તો સાથે નિવાસ કરીને રહ્યા છીએ. તે અમારે રહેવાનું ધામ છે. જે ત્રણ ગુણોથી પર છે તેથી આ મૂળજી શર્માનું પરમ પવિત્ર દીક્ષિત 'ગુણાતીતાનંદ' નામ વિશ્વમાં પ્રસિદ્ધ થશે.' આમ શ્રીહરિએ સ્વામીશ્રીને દીક્ષા આપીને કલ્યાણનાં ને અક્ષરધામનાં દ્વાર ખુલ્લાં કરી દીધાં. સ્વામીશ્રીએ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસનાની ભક્તિ શીખવી. તો અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવતા વારસદારોની હારમાળા સર્જાઈ ગઈ. તો આજે દિગંતમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના ડંકા વાગી રહ્યા છે. એવા શ્રી ગુણાતીતાનંદસ્વામીજીને કોટિ કોટિ વંદન.

## સત્સંગ સમાચાર



## તા.૨૭.૧૧.૨૦૨૧ :
## પ.પૂ.દેવીબેનનો ૮૫મો પ્રાગટ્યદિન, ગુણાતીત ગરિમા પર્વની ઉજવણી – પ્રથમ દિન

ગુરુહરિ પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ વર્ષે તેમના કાર્ય સ્વરૂપોના ગુણાતીત ગરિમા પર્વની ઉજવણીના આનંદમાં ૨૦૨૧ની પ.પૂ.દેવીબેનના આ ઉત્સવની ઘડી આવી ગઈ. ધન્યવાદ છે દેશ-પરદેશના સૌ હરિભક્તોને ! કે દેવીબેન રાજી તેમાં અમે રાજી. એ ભાવનાએ ઓનલાઈન સભાનું આયોજન થયું. તો સૌ પ્રથમ આભાર અને વંદના સાથે સૌને ભાવનીતરતા જય સ્વામિનારાયણ.




તા.૨૭મી અને ૨૮મી નવેમ્બરે પ્રભુકૃપા મહાતીર્થમાં મધ્યમંદિરે આતમઝરૂખામાં દર્શન કરતાં ૬૨ વર્ષ પહેલાના દેવીબેનના હૃદયમંદિરનો ભાવ ઉજાગર થતો હતો. નિત્ય બેઠકની ઓસરીમાં તેમના આદર્શની સ્મૃતિ કરાવતી મઢુલીને ગલગોટાના પુષ્પોથી સુશોભિત કરેલી અને ફાનસની રોશની આપણા આતમને ઉજાગર કરતી હતી કે આહાહા! પરબ્રહ્મતત્ત્વને ધારણ કરનાર ગુરુહરિ પપ્પાજીનું એક વાક્ય ‘આ મંગુ બોલે છે ?’ એ શ્રી સંત કબીરજીની શિષ્યાનો ગુરુમુખી વચનનો આચાર. જે આપણા માટે પ.પૂ. દેવીબેને ગ્રહણ કરી આદર્શ આપ્યો ને પપ્પાજીએ કહ્યું કે, ‘આ દેવીએ મને ક્યારેય ઓશિયાળો નથી કર્યો!’

ત્યાર પછી નિજ ઓરડીમાં બિરાજમાન ગુરુહરિને ચારેબાજુથી દર્શન કરી રહેલાં પ.પૂ.દેવીબેનની મૂર્તિના દર્શનથી હૈયાં સભર સભર સુખ માણી રહ્યા હતાં કે અક્ષરધામથી આ ચરણાર્વિંદ પૃથ્વી પર પધાર્યા અને એમના સ્વરૂપની યથાર્થ ઓળખાણ કરાવવા સાથે આવા સ્વરૂપો લાવ્યા. એમાના આ ચોથા પાયાને આપણે પ્રત્યક્ષ માણી રહ્યા છીએ. આજે ૮૫મા પ્રાગટ્યપર્વને ગુણાતીત ગરિમા પર્વ નામ મળ્યું છે એ સાચા અર્થમાં ઉજવવાની આ આખું વર્ષ આપણને તક મળી. એ આનંદ સાથે આજના પર્વની સ્મૃતિ માણીએ.

તા.૨૭મીએ સવારના પપ્પાજી તીર્થના શાશ્વતધામે દર્શન પ્રદક્ષિણાભાવ ધર્યા. પ્રથમ પપ્પાજીના આ બે ચરણાર્વિંદની સ્મૃતિ સાથે શાશ્વતધામે પપ્પાજીના ચરણાર્વિંદને પુષ્પહાર અર્પણ કર્યા. ત્યાર બાદ



ગુરુહરિ પપ્પાજીને પુષ્પહાર અર્પણ થયા. પુણ્ય તીર્થ સમાધિસ્થાને પ્રદક્ષિણા કરી પ્રાર્થનાભાવ ધર્યા.

સાંજે પપ્પાજી હૉલમાં પ્રથમ સભામાં પધાર્યા. પૂ.સ્મૃતિબેન દવે રચિત 'આ અવનિ પરે વિચરે...' ભજન સ્મૃતિ સહ જ્યોતના પ્રસન્ન અને શતાબ્દી ગ્રુપના સાધકોએ હાં હાં ગડથલના ભાવે તેમના જીવનના આદર્શરૂપ વણાંકના શ્રેષ્ઠ પ્રસંગોની સ્મૃતિ સાથે સ્વાગત પથ પર ભાવ ધર્યા.





– શૈશવ સ્મૃતિમાં રમતગમત રમતા તેવા બેટ-બોલ, બેડમિંગટનના પ્રતીકો લઈ આનંદભાવ વ્યક્ત કરી સ્વાગત્યા.

– કિશોર-યુવતી વયે હરદ્વાર તીર્થે જતાં એ સ્મૃતિએ ઋષિકન્યાઓએ સ્વાગતભાવ ધર્યો.

– ભણીગણીને વકીલ બન્યા ને હૃદયના ભાવે યોગીજીમહારાજના દર્શને જતા એ વકીલના વેશ પરિધાનમાં સ્વાગતભાવ ધર્યો.

– આધ્યાત્મિક જીવનના પ્રથમ પગલે 'હું આ ઘરની દાસી થઈને રહીશ.' એ આદર્શના દિવ્યપ્રકાશને ઉજ્જ્વલ કરતાં મંગુદાસીના લેબાસમાં લાલટેન લઈને સાધક બહેનોએ સ્વાગતભાવ ધર્યો. અને આ સર્વ દર્શનની સ્મૃતિ સહ ગુણાતીત ચૈતન્યમાના સમર્થ દર્શન આપતા સ્વઆસને મંચ પર બિરાજમાન થયાં. અને સ્વાગતભાવ રજૂ કરનાર સર્વ કલાકાર સાધકોએ એકસાથે મંચ પર આવી પ્રાર્થનાભાવ રજૂ કર્યો.

ત્યાર બાદ સભાસંચાલિકા પૂ.બકુબેને ગુરુપરંપરાએ જે તેજ ઝીલ્યું તે માહાત્મ્ય વહાવ્યું તે માણીએ.

સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી પર પધારી કલ્યાણનો રાજમાર્ગ ખુલ્લો મૂક્યો. નિજના ઐશ્વર્ય પ્રતાપે અનંત મુમુક્ષુઓને અક્ષરધામના સુખની અનુભૂતિ કરાવી. એ ઐશ્વર્યના તેજે અનેક ચૈતન્યદીપ પ્રગટાવી ગુણાતીત ગરિમાનું તેજ પ્રસાર્યું. ગુણાતીત દ્વારા વારસાનું એ તેજ ભગતજીમાં ઝીલાયું. ભગતજી દ્વારા એ તેજ કોડીલા લાલ સમ શાસ્ત્રીજીમહારાજમાં



ને તેમના દ્વારા એ તેજ બળતા અંગારાનું છોરું સમ યોગીજીમાં ઝીલાયું. ને સત્પુરુષ ક્યાં અદ્રશ્ય થવાના છે? એ પ્રગટપણાનું તેજ ગુરુહરિ પપ્પાજીમાં ઝીલાયું. ભજે એના ભગવાન એ રાહે આજીવન સમર્પણ કરી બુધ્ધિના તેજને વિલીન કરી આ સત્પુરુષ જ મારો આત્મા છે એ આત્માના આગળાને કાગળની પ્રેરણાએ ખોલનાર સત્પુરુષનું તેજ મહાલક્ષ્મીદેવીના હ્રદયસ્થ થયું. એમના સંબંધમાં આવનારમાં એ કલ્યાણના રાજમાર્ગે ચાલવાની સુરુચિ પ્રગટી ને સત્પુરુષના તેજમાં, ગુણાતીત ગરિમામાં, અસ્તિત્વને વિલીન કરી ધ્યેયસિધ્ધિ પામનાર પદુબેન, પમીબેન અને ભારતીબેન સંઘવીએ પ્રકાશદીપથી પર્વ પ્રારંભ કર્યો.







દીવે દીવો પ્રગટેલ આ જ્યોત સમૂહની તેજબિંબ થકી એકાંતિક ધર્મની કલ્યાણ કેડી ઝળહળે છે એ ધન્યતાના ભાવ સાથે પ્રાર્થનામગ્ન, સ્મૃતિ ધન્ય થયા. આવા અણુઅણુના અંધકાર ટાળી પરમ પ્રકાશને પાથરી પરમ આનંદ, બ્રહ્માનંદ, દિવ્ય આનંદ કરાવતા આ પર્વમાં પર્વબેજ અર્પણ થયા હાર-બુકે અર્પણ થયા. જ્યોતની સર્વ શાખાઓ તરફથી ભાવાર્પણ થયા. વિદ્યાનગર મંડળના ભાભીઓએ ભાવ ધર્યા. સોના, પ્રસન્ન, શતાબ્દી ગ્રુપના સાધકોએ ભાવ અર્પણ કર્યો.



આ ભાવાર્પણની ભાવનાઓ સાકાર થાય તેવા પ.પૂ.જસુબેનના આશિષ પ્રાપ્ત કર્યા તે માણીએ.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** આપણા જેવું નસીબદાર દુનિયામાં કોઈ નથી. સાક્ષાત્ બા, બેન, જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન આપણને જોઈને અંતરથી હરખાય છે. મોટેરાને ખૂબ આનંદ છે. એમને જે કરાવવું છે તે કરી લઈએ. આપણા તરફથી તેમને વધારેમાં વધારે નિશ્ચિંત કરી દઈએ એ જ પ્રાર્થના.

આજે સાક્ષાત્ પપ્પાજી, બા, બેન આ સ્વરૂપો ખૂબ જ હરખાય છે. નિશ્ચિંત થતા જાય છે ને હજુય એમને જે કરાવવું છે તે કરી લઈ વધારે ને વધારે નિશ્ચિંત થાય તેવી પ્રાર્થના સૌ વતી કરી.

ત્યાર બાદ પૂ.ભાવનાબેન ડી., પૂ.દક્ષાબેન પટેલ અને પૂ.હીનાબેન વ્યાસ રચિત 'ગરિમા ગાથા યુગકાર્યની...' એ સ્મૃતિદર્શન માણ્યું. જેમાં ગુરુહરિ



પપ્પાજીના યુગકાર્ય અને સંતના કલ્યાણકારી ગુણો પ.પૂ.દેવીબેનમાં દર્શનીય થયા છે તે નૃત્ય અને સંવાદ સાથે ગુણવાન પ.પૂ.દેવીબેનના પ્રસંગોને માણ્યા. અને ત્યાર બાદ ભક્તોએ પોતાના અનુભવો, સ્મૃતિઓ, પ્રાર્થના ભાવ ધર્યા તેને સારરૂપે માણીએ.

દેવીબેન સાથેની રમૂજભરી સ્મૃતિઓ ખૂબ છે. તેઓ આનંદી, બુદ્ધિશાળી, દયાળુ. શીઘ્ર વક્તા, આત્મીય, ઋજુ છે. દેવીબેન નાના સાથે નાના, મોટા સાથે મોટા થઈને રહે. દરેકને તેમની રીતે પપ્પાજીમાં રહેવાની ટેકનીક સરળતાથી શીખવી દે. બધા સાથે તેમનો અનોખો સંબંધ. જેને જે જરૂર હોય તેવી સ્મૃતિ આપતા હોય. દેવીબેન કોઈનું મૂંઝાયેલું મોઢું જોઈ ન શકે. એમને ખ્યાલ આવે તો એટલા ગતકડાં કરવા માંડે, હસાવે ને આનંદમાં લાવી દે.



નાના બાળકોને પણ નાની નાની વાતોમાં રસ લઈ – પૂજા કરતા, માળા કરતા, પ્રાર્થના કરતા શીખવે. તેઓ અગત્યની સેવામાં હોય છતાં પણ નાના બાળકને પણ પૂરતો સમય આપે કે જેથી એના જીવનમાં મોટા થાય ત્યારે પણ પપ્પાજીની સ્મૃતિઓ રહે. દેવીબેનના આશીર્વાદથી બાળકોના અભ્યાસના, તબિયત સારી થયાના, ધાર્યા કાર્યો પાર પાડવાના અનુભવો માણ્યા.

દેવીબેન યુ.કે.ના મુક્તો સાથે શિબિરમાં ગયા ત્યારે ખૂબ રસ લીધો. બધાને ખૂબ લાભ આપ્યો, સૂઝ આપી. કેવી રીતે સેવા કરવાની? નિર્દોષબુદ્ધિ કેવી રીતે રાખવાની ? પપ્પાજી શું છે ? પપ્પાજીને શું ગમે છે ને શું નથી ગમતું ? કામે જઈએ તો કેવું વર્તન હોવું જોઈએ ? એ બધું ખૂબ સરળતાથી તથા પ્રશ્નોત્તરી દ્વારા સમજાવ્યું છે. વળી અમે ફરવા ગયા ત્યારે અમને ખૂબ આનંદ આવે તે માટે પોતે શેલેમાં રહીને પ્રાર્થના કરતાં.

વડીલોનું પણ દેવીબેન ખૂબ ધ્યાન રાખે. હરિભક્તો બીમાર હોય તો તેઓ પણ વ્યથિત થઈ જાય. તેમની સગવડ સચવાય, તકલીફ ના પડે તેવું આયોજન કરે. પોતાની બીમારી ગણકાર્યા વગર તેમના દુઃખદ સમયે પહોંચી જતાં દર્શન કર્યા છે.

કથા કરે તો વચ્ચે કાંઈક રમુજ કરે, ગમ્મત સાથે જ્ઞાન આપતા જાય, પપ્પાજીનું માહાત્મ્ય સમજાવે. ગૃહસ્થ તરીકે કેવું જીવન જીવવું જોઈએ, પપ્પાજીને કેવી રીતે રાજી કરવા, સંબંધનું માહાત્મ્ય સમજવાનું, કંઈક પ્રસંગ બને તો આપણે મૂકી દેવું એવી બહુ ઝીણી ઝીણી સૂઝ દેવીબેને આપી છે.

જ્યારે જ્યારે દેવીબેન પપ્પાજી સાથે પરદેશ વિચરણમાં હોય ત્યારે એમનું સતત ધ્યાન પપ્પાજીમાં જ હોય. એક સેવકની જેમ પપ્પાજીને ક્યારે શું જરૂર છે? તેમાં દેવીબેન ખડેપગે હોય. એકવાર બેન, જ્યોતિબેન સાથે દેવીબેન કેનેડા આવ્યાં ત્યારે બંને સ્વરૂપોનું સેવકની જેમ ધ્યાન રાખ્યું છે. પપ્પાજીની બીમારીમાં તેઓ પપ્પાજી સાથે સેવકોનું પણ દરેક રીતે ધ્યાન રાખી ખૂબ કાળજી લેતાં.



તેમના સમાગમ પામેલા મુક્તોની પણ કાળ, કર્મ, માયાના થડકાથી રક્ષા થાય છે. જેમ જેમ તેમના પરિચયમાં આવે તેમ તેમ પપ્પાજી વિશે શ્રદ્ધા વધતી જાય છે. સ્વભાવ, પ્રકૃતિ ધીમે ધીમે ઘસાતા જાય છે. ભક્તિ ને સ્વરૂપનિષ્ઠાના બળે ગમે તેવી પરિસ્થિતિમાં સમતામાં રહેતા થાય છે. સારા-માઠા પ્રસંગો પાર પાડે છે.

એવા દેવીબેનને મોટી બેન માનતા પૂ.અમૃતભાઈ પટેલે 'તેરા સાથ છૂટેગા નહીં...' એ શબ્દરચના ગાઈને દેવીબેનને ચરણે આરજૂ અર્પણ કરી.

અમેરિકા મંડળે સાથે મળીને પપ્પાજી સ્મૃતિ સૌરભ, દીદી અને દેવીબેનના ગરિમા પર્વની જય બોલાવી. અને પૂ.આશાભાભી ધંધૂકિયાએ દેવીબેનને સાજાસારા રહેવાની, અમેરિકા મંડળ પર રાજી રહી આશિષ વરસાવવાની પ્રાર્થના સાથે 'ગુરુહરિના સ્નેહમાં ભીંજાઈ સૌ ગયા...' એ ભજનની કડી ગાઈ.

વિદ્યાનગર મંડળે 'વાગી મનરૂપી માણ...' એ ભજન પર માટલી ગરબો રજુ કરી ભક્તિભાવ ધર્યો.

મુંબઈ મંડળના મુક્તોએ દેવીબેનના જીવનપ્રસંગ પર 'કૌન બનેગા ભાગ્યશાળી' તેમાં પ્રશ્નોત્તરના આયોજન દ્વારા જ્ઞાન પીરસ્યું કે, આપણા જીવનમાં પણ મૂંઝવતા પ્રસંગો આવે કે કાંઈ પણ તકલીફ આવે તો આપણે આપણી લાઈફ લાઈન રાખી, ગુરુહરિ પપ્પાજી અને ગુરુ દેવીબેનના શરણે જવાથી મૂંઝવણોનો ઉકેલ આવી જશે.

દેશ-પરદેશના મુક્તોએ દેવીબેનના ૮૫માં પ્રાગટ્યદિન નિમિત્તે શુભેચ્છાઓ અર્પણ કરી. દેવીબેનની અને સ્વરૂપોની તબિયત સારી રહે, પપ્પાજીને રાજી કરવાની, સ્વરૂપોનું શોભાડવાની, હસતાં-રમતાં વરાળ બનાવી દેવાની પ્રાર્થનાઓ સ્વરૂપોના ચરણે ધરી.

આ સમગ્ર ઉત્સવમાં સેવા-ભક્તિ અદા કરનાર પૂ.પમીબેન, પૂ.ભારતીબેન સંઘવી, પૂ.દક્ષાબેન પટેલ, પૂ.ભાવનાબેન ડી., પૂ.ગીરાબેન તથા સહભાગી થનાર સર્વ મુક્તો, કલાકારો, વક્તાઓને તથા પ્રેરણા આપનારને અનંત અભિનંદન અર્પતા સૌ મુખ્ય સભાના ચિંતવનમાં છૂટા થયાં.

★ જ્યોતના ડૉક્ટર સ્ટાફની સેવા-ભક્તિને બિરદાવતા પ.પૂ.દેવીબેને તેઓને બહુમાન રૂપે કલગી અર્પણ કરી પ્રસન્નતા વરસાવી.





## તા.૨૮.૧૧.૨૦૨૧ : પ.પૂ.દેવીબેનનો ૮૫મો પ્રાગટ્યદિન, ગુણાતીત ગરિમા પર્વની ઉજવણી – દ્વિતીય દિન







ઓહોહો ! આજે મંગલદિન ! ગુણાતીત ગરિમા પર્વનો સૂરજ ઉગ્યો. આજની સભામાં સર્વત્ર રોશની પથરાઈ હતી. જે મંગુ







દાસીથી પ્રારંભ થયો હતો તે આજે ગુણાતીત સાધુ સ્વરૂપ બની અનેકને દાસના દાસ બનાવવાની પ્રેરણા અર્પી એવા બનવાનો ઉત્સાહ જગાડે છે. એ ઉત્સાહના ભાવમાં સભાનો પ્રારંભ પ.પૂ. દેવીબેને પ્રભુકૃપાના મહાતીર્થનાં દર્શને કરાવ્યો. હરેક સ્થાને ભાવપૂજન-હાર થયા. ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓ, ગુણાતીત સેવકો ને હરિભક્તો-યુવકોને આશિષ આપતા પંચામૃત હૉલમાં પધાર્યા.

જ્યોત દ્વારથી પુષ્પ વધામણાંએ, રાસની રમઝટે આનંદસ્મૃતિ વહાવતા મુક્તોએ વધાવ્યાં.







પ્રસન્ન માહાત્મ્યસભર દ્રષ્ટિએ દેવીબેને સૌને અંતરના આશિષ દ્રષ્ટિએ કરીને આપ્યા. અને પપ્પાજી હૉલમાં પધાર્યા. આહાહા ! પપ્પાજી હૉલના માહોલમાં પ્રથમ પ.પૂ.દેવીબેનના હૃદયમાં જે પ્રાપ્તિના આનંદની લહેરો લહેરાય છે એ જીવનસૌરભને તાદ્રશ્ય કરેલી.


'આ બે ચરણાર્વિંદ પૃથ્વી પર પધાર્યા છે. લોકો નૈમિષારણ્યમાં એમને શોધવા જાય છે.' એ સ્મૃતિ, એ દર્શન અહીં હૈયા સભર કરી દે તે રીતે પ્રત્યક્ષ રોશની સાથે આશિષ મેહ વરસાવતા હોય તેમ મૂકેલા. તે સ્મૃતિ કરાવી. એકવાર દેવીબેન સભામાં સમયસર પહોંચી આવ્યા તેથી પપ્પાજીએ દેવીબેનને કહ્યું કે, 'સમયસર પધાર્યા એટલે તમને ટુ સ્ટાર' એટલે એ સ્મૃતિ સાથે ચરણાર્વિંદ અને આજુબાજુ ટુ સ્ટારનું સુશોભનમાં દર્શન કરાવી ગરિમા ભાવ વહાવ્યો.

ત્યાર બાદ પ.પૂ.દેવીબેન જંગમમંદિર ગાડીમાં બિરાજ્યા. અને સાથે સાથે ભક્તોના દિલમન હરખાઈ ઉઠે તેવી બગીમાં ઠાકોરજી સહિત ગુરુહરિ પપ્પાજી મહારાજ ધીમે ધીમે સ્વાગતપથથી સૌને દર્શન દેતાં સુશોભનના ભાવ લહેરોની રોશની વચ્ચેથી આવી રહ્યા. દર્શનાર્થી બહેનોએ શિસ્તબધ્ધ ભાવ સાથે સ્વાગત્યા. સાથોસાથ પૂ.હિનાબેન વ્યાસ રચિત 'વ્હાલા દેવીમાની જય...' એ અહોભાવના આનંદપૂરે સૌ ભીંજાયા. સ્ટેજ પાસે સૌ સ્વરૂપોએ વધામણાં ધર્યા.

અને મુક્તોએ નમોનમઃ ગાતા ગાતા અનંત ગુણોના વર્ણને વધામણાં કર્યા.

અને 'ખૂબ ખૂબ ફાવ્યા...' ભજનનું સ્વાગતનૃત્ય લાલટેનની સ્મૃતિ સાથે મહિમાભાવે કલાકારોએ રજૂ





કરી સૌના હૈયા ગરિમાથી ભર્યા ભર્યા કર્યા.

ત્યારબાદ સર્વ સ્વરૂપોએ સ્ટેજ પર આસન ગ્રહણ કર્યા. અને બકુબેન પટેલે મુખ્ય સભાસંચાલનનો આરંભ કરતા ગરિમાગાન કર્યું.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃત ગ.પ્ર. ૩માં કહ્યું છે કે, આ મોટા ઉત્સવો અમે શા માટે કરીએ છીએ ? બધાને કેમ ભેગા કરીએ છીએ ? તો આમાનું કંઈપણ અંતકાળે યાદ આવે, સાંભરી આવે તો તે જીવ અક્ષરધામનો અધિકારી બની જાય.

દેવીબેન એટલે દાસત્વભક્તિનું અપ્રતિમ સ્વરૂપ! જેણે પોતાના પ્રાગટ્યની ઉજવણીની અનિચ્છા દર્શાવી. વડીલોના ગુણગાન ગાવ ને તેમનો મહિમા સમજો એમાં મારું બધું આવી ગયું. પપ્પાજીએ મને આ સ્વરૂપો આપ્યા છે. હું તો તેમની પાસે કાંઈ નથી. એવી ગરજ રાખી પૂર્ણ દાસભાવે અદ્યાપિપર્યંત વર્તી આદર્શ આપ્યો છે. આવા ગુણાતીત સ્વરૂપની ગુણાતીત ગરિમા એટલે હું પ્રભુનો ગુલામ, હું સેવકનોય સેવક, સામર્થ્ય છૂપાવીને અહંશૂન્ય વર્તનાર, અનેકને શાંતિ પમાડવા છતાં જાણપણારહિત જ ભૂમિકા. સંતપ્ત આત્માના ઉદ્વેગ ટાળી હળવાશ દેનાર, અસ્તિત્વનો વિલય કરી પ્રભુના સંબંધવાળામાં ખોવાઈ જનાર. બુધ્ધિના તર્કવિતર્કને મૂકાવી પ્રભુના બળે જીવનાર. સાધનાના ભારમાં રહ્યા વગર સિધ્ધાંતે જીવાડનાર આવા ગુણનિધિ પપ્પાજીના પરમ વિશ્વાસુ સેવક વ્હાલાં દેવીજી આપણા ફાળે આવ્યાં. ગુરુહરિ પપ્પાજી તથા તેમના પ્રત્યક્ષ સ્વરૂપોએ મોજમાં આવા અક્ષરધામના સુખને માણવાની તક આપી છે તે ઝીલી લઈ પપ્પાજીનો હેતુ કે તેમના જીવનમાંથી આપણે એક વાક્ય સ્મૃતિને આપણા વર્તનમાં ગૂંથી લઈએ એ ઉદ્દેશ સાથે આ ઉત્સવની ઉજવણી કરી રહ્યાં છીએ.

આજના ભવ્ય સુશોભનમાં ગુણાતીત બાગના પુષ્પો ખીલી રહ્યાં છે. તેવાં પુષ્પોની કુંભમાંથી કૃપાધારા વહી રહી છે. એવા દેશ-પરદેશના વિચરણે ગુરુહરિ પપ્પાજીની ગરિમા પ્રસારી ગુણાતીત જ્ઞાનના ડંકા વગાડ્યા છે. તેના ધ્વજને મધ્યમાં સુશોભિત કરી સન્માનભાવને વ્યક્ત કર્યા છે. જેમાં ભારત, યુ.કે.,







યુ.એસ.એ., કેનેડા, સ્વીટ્ઝર્લેન્ડ, ન્યુઝીલેન્ડ, ફ્રાન્સ, ઈસ્ટ આફ્રિકાના સર્વ ભક્તો વતી જ્યોતના સાધક બહેનોએ પંચાંગે પ્રણામ સાથે સ્તુતિગાનમાં યથાસ્થાને ઊભા રહી પ્રાર્થનાભાવ ધર્યા.

ત્યારબાદ ગુરુહરિ પપ્પાજી મહારાજને, પ.પૂ.દેવીબેનને સમગ્ર સાધકો અને ગુણાતીત પ્રકાશના ભાઈઓ વતી તેમ જ દેવીબેન સર્વ કેન્દ્રોમાં પણ આત્મીયતાથી જોડાયેલા છે તેવા પવઈ, દિલ્હી, હરિધામ, સાંકરદા, અનુપમ મિશન વતી અને દેશ-પરદેશના ભક્તો વતી સર્વના ભાવ અર્પણ થયા.

બ્ર.સ્વ.પ.પૂ.બા વતી પૂ.સરોજબેન વી. પટેલે પ.પૂ.દેવીબેનની સ્મૃતિ કરાવી કે દેવીબેન કહેતાં કે ભગવાન ભજવા એટલે મનમાં થયું કે બા સાથે રહીશું, (સેવારૂપે) પાણીની માટલી ભરીશું. તે માટલીના પ્રતીકમાં હાર અને રક્ષાભાવ અર્પણ કર્યા. અને ગુણાતીત ગરિમા ભાવદર્શનના લાભ લીધા તેનો સંક્ષિપ્ત સાર માણીએ.

**પૂ.શોભનાબેન :** ભગવાન ગરજુ થયા છે. તો સૌમાં રહીને ખૂબ માહાત્મ્યથી એમના સિદ્ધાંતે, સંપ, સુહૃદભાવ, એકતાથી આ ઉત્સવની સરસ ઉજવણી થઈ. ભક્તિઉત્સવે ચૌદ ઘોડાના રથમાં પપ્પાજી બેઠા હતા તે આજે ૧૪ ઘોડા શાંત થઈ પપ્પાજીના ચરણોમાં બેસી ગયા ને ઘોડા વગરનો એકલો રથ આવી ઊભો. તેમાં ઠાકોરજી અને પપ્પાજી બિરાજ્યા. આ સ્વરૂપોએ આપણને કેટલા લાડ લડાવ્યા ! આવ્યા ત્યારથી દેવીબેનને દેહની બીમારી હતી પણ એને પ્રસાદ માની કોઈ દિવસ એ માટે મનુષ્યભાવ નથી લીધો કે ફરિયાદ નથી કરી. જે આપ્યું તે સ્વીકાર્યું. ને એ આપણી સેવામાં રાખ્યું. દેહ દુ:ખ એમણે સહન કર્યું ને સુખ આપણને આપ્યું તેવી પરાભક્તિ કરી છે. એક એક ચૈતન્યમાં પપ્પાજીની નિષ્ઠાની ચિનગારી પેટાવી દીધી કે આવા પપ્પાજીને ઓળખી લેશે એનો બેડો પાર પડી જશે. દેવીબેન હંમેશા ચૈતન્યોને સ્મૃતિમાં, આનંદમાં રહે તેવી જ સ્મૃતિ આપે. ધૂન, ભજન કથાવાર્તા કરી સ્મૃતિસભર કરે.

પપ્પાજી અને દેવીબેનને આ કરાવવું છે. જરૂરનું હોય એનાથી અનંતગણું આપ્યું છે. હવે શું કામ મૂંઝાવું છે ? આ જોગમાં રહી આનંદ માણીએ. દેવીબેને બુધ્ધિની સામર્થિ મૂકી નીરવ થઈને પપ્પાજીની આજ્ઞા પાળી. વીજળીના ઝબકારામાં જીવન હોમી દીધું. અમે તો ૧૦૦૦ વોલ્ટના લાભમાં રહીએ છીએ. તો એવા ભગવાન ભજી લઈએ કે અમારા મટી પ્રભુના થઈ જઈએ એવી પ્રાર્થના.

**પૂ.ડૉ.ભાવનાબેન શેઠ :** અકળ એવા દેવીબેન પ્રસંગ સમયે કળાયાં છે. તેમનું જીવનદર્શન આપણને ખબર છે. બુધ્ધિને દાસી બનાવી. આપણો તો 'અધૂરો ઘડો છલકાય' તેમ હું બુધ્ધિશાળી છું એમ બુધ્ધિના છાંટા બધે ઉડાડ્યા કરીએ. ને દેવીબેને બધું જાણવા છતાં બુધ્ધિનું પ્રદર્શન ના કર્યું, તે કલ્યાણ માટે વાપરી. પગમાંથી પારખે એવાં પોતે, સંબંધ જોઈને જાણે કાંઈ જાણતાં જ નથી એમ વર્ત્યા. પપ્પાજીએ મનના ભૂક્કા બોલાવ્યા. દેહની પરીક્ષા ખૂબ લીધી. પપ્પાજી કહે, 'દેવીએ મને ક્યારેય ઓશિયાળો નથી કર્યો.' પોતે જ ઓશિયાળાં થયાં છે. દેવીબેનને થયું કે મારે નોકરી છોડી દેવી છે. દીદીને તેમની ડાયરીમાં પપ્પાજીએ લખી આપેલું કે 'ઠરાવ મૂકી દેશો તો નોકરી છોડાવી દઈશ.' તે વાંચીને પોતે પકડ્યું ને તેમ વર્ત્યા. સાધક તરીકે જાગ્રત રહી કોઈ દાવ ચૂક્યા નથી. આ સ્વરૂપોને ઓળખી શકાય તેવા



નથી.

એક ભાભીએ પત્રમાં ઉપર સ્વામીશ્રીજી નહોતું લખ્યું તો દેવીબેને તે કાગળ વાંચ્યા વગર જ મૂકી દીધો. બે-ચાર દિવસ પછી તે ભાભી આવ્યાં. દેવીબેનને કહે કે 'મારો કાગળ વાંચ્યો ?' દેવીબેન કહે કે 'તારો ને મારો સંબંધ જેમના થકી છે એમનું આવાહન પહેલા ન કરીએ તો મારો ને તારો કયો સંબંધ ?' આવું નજીકના ભક્તોને શીખવે. બાકી સ્ટ્રીક દેખાય. એવા સ્પષ્ટ દેવીબેનનું હૃદય કોમળ છે. કોઈનું દર્દ સહન ન કરી શકે. પોતે ત્યાગમૂર્તિ, તપમૂર્તિ છે. ભગવાનના સંબંધવાળા કેમ કરીને ભગવાનનું સુખ લે એ જ દ્રષ્ટિ છે.

થોડા દિવસ પહેલા એક બેનને પ્રોબ્લેમ હતો તો તેઓ જ્યોતમાં દર્શને આવેલા તો તેમનું દુઃખ પણ હરી લીધું કે 'જાવ, હવે તારું રડવાનું બંધ થઈ જશે.' આ કેવી કરૂણા ! ને તેમનું જીવન આનંદસભર થઈ ગયું. સાધકો માટે પણ દેવીબેનને એવું જ રહે.

એકવાર દેવીબેન ધીમે ધીમે ચાલતા હતા. તેમને વજન ઉતારવાનું હતું. એક સાધક કહે, 'આમ ધીમે ધીમે ચાલવાથી કાંઈ વજન ઉતરે નહીં.' દેવીબેન તક ચૂકે નહીં. તેમણે કહ્યું કે, 'આમ હાલાપોલા રહેવાથી કાંઈ સાધના ના થાય.' આમ આનંદ સાથે સત્ય આપી દે તે દેવીબેન.

એકવાર બધાંએ પપ્પાજી ડાયટ લે તેમાં કેટલી કેલેરી થાય તે લખવું એવું ગોઠવ્યું હતું. તો દેવીબેને 0 કેલેરી લખી. પપ્પાજી ખાતા નથી પણ ભાવ ગ્રહણ કરે છે. એટલે કઈ કેલેરી ગણવાની ! એવો પપ્પાજીનો અપરંપાર મહિમા ! આમ તેમનાં પરાસત્યો ઓળખવા



અઘરાં છે.

તો હે દેવીબેન ! તમારું સ્વરૂપ કળી શકાય તેમ નથી. તમે સ્વની અસ્મિતા, મન, બુધ્ધિ, ચિત્ત, અહમ્ પપ્પાજીના ચરણે સમર્પિત કર્યા તેમ અમે પણ પપ્પાજીના ચરણે સમર્પિત કરી શકીએ તેવી પ્રાર્થના.

પૂ.કાંતાબેન રતનપરા : આજે મંગલકારી દિવસ. દેવીબેન ખૂબ દયાળુ. ક્ષમામૂર્તિ. અંતર્યામી. એક દિવસ તેમના પગ ખૂબ દુઃખતા હતા તો મને કહેવડાવ્યું ને હું ગઈ. દેવીબેન પોઢી ગયાં હતાં. મને વિચાર આવ્યો કે કેવી રીતે ઉઠાડુ ? દેવીબેન પપ્પાજીનું સ્વરૂપ છે. ત્યાં તો રજાઈમાંથી હાથ બહાર કાઢીને કહે કે 'ગુરુ ! આ બધા વિચાર છોડો ને ચરણને પકડો.' આવા અંતર્યામી દેવીબેન છે !



એકવાર દેવીબબેન કહે કે, 'મને કાંતાબેન જમાડશે.' મને મનમાં થયું કે બીજા જમાડે છે ને મારે જવાની જરૂર નથી. આમ મોળા વિચારથી હું બહાર આંટા મારતી હતી. ત્યાં તો મને બોલાવીને પ્રત્યક્ષ સ્વરૂપ દેવીબેન કહે, 'દેવીબેન તમને ફરીવાર મળવાના છે? તો જમાડવાના બદલે બહાર આંટા મારવા નીકળી ગયાં છો ?' આમ મારા મોળા વિચારને પણ પકડ્યો.



હું રંગીલી, મોજીલી હતી. મારે ટ્રાન્ઝીસ્ટર જોઈએ જ. એમાંથી વચનામૃત, સ્વામીની વાતુ વગેરેમાં રસ લેતી કરી દીધી એ દેવીબેન. રાત પડે તો કહે કે 'આખા દિવસમાં...' ગાવ. આમ ટોટલ પ્રભુમય રહીએ તેવું જ જતન કર્યું છે. એવાં દેવીબેન મળ્યાં છે. આજે બપોરે અઢી વાગે ફોન આવ્યો કે, 'કાંતાબેન, તમારે આજે મારા વિષે બોલવાનું છે.' એ પણ એમણે જ નક્કી કર્યું છે. એવા દેવીબેનને પ્રાર્થના કે તમારા અભિપ્રાયની ભક્તિ કર્યા જ કરીએ.

પૂ.ડૉ.પ્રીતિબેન પટેલ : દેવીબેનની તબિયત જોઈએ તો ઘણી નાજુક છે. છતાં આપણા ભાવ પૂરા કરવા કેટલા કલાકથી દર્શન આપે છે. આ બધાં સ્વરૂપોએ પપ્પાજીની રીત જ અપનાવી છે. એટલે પપ્પાજીનું પ્રત્યક્ષપણું મનાય છે. નહીં તો આપણી પ્રગતિ થાત જ નહીં. તેમની દયા છે કે આગળ જઈ રહ્યા છીએ. દેવીબેને બેનની ખૂબ સેવા કરી છે. અત્યારે આપણી આધ્યાત્મિક સેવા કરી રહ્યાં છે. પહેલા મારે ક્યાંય જવાનું હોય તો હું જ ગોઠવી દઉં. એક વખત તેમણે કહેવડાવ્યું કે સ્વીટીને આમાં ભક્તિ મનાય છે ? તેના જવાબમાં મેં હા પાડી. ત્યારે નાદાન બુધ્ધિ હતી. અત્યારે તે બધું જ ચેન્જ કરી આપ્યું. મોટેરાંને પૂછીને તેમની રુચિ પ્રમાણે વર્તાય તેવું કરી આપ્યું.

એક દિવસ દેવીબેન કહે કે તું 'ઉગતી પ્રભાએ...' ગાય છે ? મેં હા પાડી તો કહે કે 'હે હૃદયેશ્વર...' ગાય છે ? મેં ના પાડી તો કહે કે 'આજથી ગાજો.' આમ જ્યોતના બધા જ મારા તેમ માની સૌનું જતન કરી રહ્યાં છે.

પપ્પાજી અજામેળની ઘણીવાર વાત કરે છે કે, અજામેળ મહાપાપી હતો પણ તેણે સનકાદિકના વચને પોતાના દીકરાનું નામ નારાયણ રાખ્યું તો તેનો ઉધ્ધાર થયો. એમ દેવીબેને થોડા દિવસ પહેલા આજ્ઞા આપી છે કે, 'આપણી સામે જે આવે તેને બેન કહીને બોલાવજો. જો બેન કહીને બોલાવશું તો અબેતબે નહીં થાય. ઓરોભાવ નહીં આવે.' એકદમ નાની આજ્ઞા છે.

પપ્પાજીએ દ્રષ્ટાંતથી કહ્યું તેમ આવા સ્વરૂપોની આજ્ઞા પાળીશું તો વચનનું કનેક્શન તેમની સાથે રહેશે અને આપણે આગળ વધીશું.

દેવીબેન ! આજના દિને પ્રાર્થના છે કે, તમારી તબિયત ખૂબ સરસ રહે. નિરામય ૧૦૦ વર્ષ રહો. તમે ધારો ને તો આજે જ સાજા થઈ જાવ. પણ અમને ભજન કરતા કરવા ગ્રહણ કરો છો. તો તમારી રીતે જીવવાનું બળ આપજો. પંચામૃત ને ગુણાતીત જ્ઞાનનું નવનીત જીવન બને. સામે આવનારને જીવનમુક્ત માનીએ, જીવનમંત્ર અમારું જીવન બને એ જ સર્વ સ્વરૂપોના ચરણે પ્રાર્થના.



પ્રેરણા વિભાગ તરફથી 'ગરિમા ગૂંજુ નિરંતર...' ઓડીયો સીડીનું અનાવરણ પૂ.પદુબેન પાસે પૂ.ભગિનીબેને કરાવ્યું.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આખું વર્ષ સ્મૃતિ સૌરભ ઉત્સવ સાથે દીદી-દેવીબેનનો લાભ લીધો. તેમની પ્રત્યક્ષ હાજરી એ જ આપણું ભાગ્ય. આટલું સ્વસ્થ જીવન. ભક્તોને લાભ આપવાનો ઉત્સાહ, ધખણા એ જ આપણા માટે ચમત્કાર છે. અન્યોન્ય એકબીજાને સત્કારવાની ભાવના એ આપણા કેવાં અહોભાગ્ય ! કેવી કૃપા કે આવા ઉત્સવનો લાભ મળે છે. બધાને દેવીબેનના અકળ સ્વરૂપનો અનુભવ હશે જ. અવનવી સ્મૃતિ આપીને બધાના જીવમાં અનોખું સ્થાન લીધું છે. આ સ્વરૂપોએ આખી જીંદગી કેટલો બધો દાખડો કર્યો છે ! કાંઈપણ જોયા વગર કેવળ કરૂણા વહાવી છે. દેવીબેનને પપ્પાજી સાથે, બેન સાથે, જ્યોતિબેન, તારાબેન, દીદી, જસુબેન સાથે જોયાં છે. ક્યારેય પણ અસ્મિતાનો અંશ જોવા જ ન મળે. જન્મદિવસનું નામ લઈએ તે તેમને ન ગમે એ દેવીબેન આપણો હરખ કાઢવા માટે ગ્રહણ કરે છે. 'મારો જન્મ દિવસ હોય ને હું બીમાર હોઉં ?' એમ ઉત્સાહ બતાવી બધાના ભાવ પૂરા કરવા ઉજવવા દે છે. પપ્પાજી માટેનું માહાત્મ્ય અંતરમાં છે. એ સ્વરૂપોની ભક્તિ છે. જગતમાં સ્ત્રી માત્ર ક્યારેય કોઈની મોટપ સ્વીકારી ન શકે. એ અહીંયા અન્યોન્ય કેવું માહાત્મ્ય સમજાવે છે?

દેવીબેનને વિચાર આવે કે સર્વિસમાં બોસની કેબીનમાં જાઉં ત્યારે કેવું વિચારવાનું ? એ જ સમયે દીદી કહે કે મને તારાબેન માટે આવો વિચાર આવ્યો ને પપ્પાજી બંને સ્વરૂપો પર શાસન કરી શક્યા. બંને સ્વરૂપોએ સ્ત્રીના ભાવથી પર થઈને નોકરી કરી. વિશ્વાસ મેળવ્યો. સ્વરૂપ અને ભક્તો વચ્ચે એ સમયે વિશ્વાસ એવા સ્વરૂપો આપણી પાસે કોઈ અપેક્ષા રાખ્યા વગર કેવળ પપ્પાજી સ્વરૂપે એ જીવતા હોય છે. તો જ અત્યારે આપણને આ મોજમાં પ્રાપ્તિ હોય. રિદ્ધિ સિદ્ધિ હોવા છતાં દાસના દાસ થઈને પપ્પાજી પાસે જ નહીં પણ આપણી પાસે જીવે છે. આવા સ્વરૂપો આપણી પાસે છે. તે જે આજ્ઞા આપે છે તે પાળી લઈએ એ જ પ્રાર્થના.


**પૂ.દિલીપભાઈ ભોજાણી – યુ.કે. :** સૌથી પહેલા તો હે દેવીબેન લંડનથી મારા ભાવનીતરતા પાયલાગણસહ જય સ્વામિનારાયણ સ્વીકારજો. તમે ઈંગ્લેન્ડમાં ખૂબ ખૂબ લાભ આપ્યો છે, સેવા પણ ઘણી આપી છે. શરૂઆતમાં તો હું જ તમને કારથી બધે સેવામાં લઈ જાતો. તેના ફળ સ્વરૂપે આજે પપ્પાજીના થઈને જીવવાનો પ્રયત્ન કરું છું. તમે તમારી તબિયત સારી રાખજો. દેવીબેન તમે અમારી મૂડી છો. તમે પૃથ્વી પર ઘણાં વર્ષો રહો તેવી પપ્પાજીના ચરણોમાં પ્રાર્થના છે.

**પૂ.અરૂણાબેન ભોજાણી – યુ.કે. :** દેવીબેન ખૂબ ખૂબ ભાવભર્યા જય સ્વામિનારાયણ. પપ્પાજીએ તેમના વારસદારોમાંના એક દેવીબેનનો આપણને જોગ આપ્યો. દેવીબેનના પ્રથમ દર્શન ૧૯૬૯માં આફ્રિકામાં કર્યા હતાં. ત્યારે દેવીબેન મને ખૂબ રમતિયાળ લાગતાં. સ્વાહીલી આફ્રિકાની ભાષાના થોડાક શબ્દો શીખી ગયા હતાં. ને એ શબ્દો પાછા વાપરે. એમાં એક શબ્દ 'સેન્જી'. એક દિવસ મેં એમને કહ્યું કે એનો અર્થ સારો

નથી. એટલે કહે, 'હાય રે ! મને શી ખબર ? હવે નહીં બોલું.' તરત કટ વળી ગ્યા. પછી પાછા ૧૯૭૩માં ઈંગ્લેન્ડમાં મળ્યાં.

દેવીબેન અકળ સ્વરૂપ. કળાય જ નહીં કે એમને શું કરવું છે ? બેન હંમેશા કહેતાં કે દેવીબેન આજ્ઞા પાળવામાં ટોપ. દેવીબેન તો સબમરીન જેવાં છે.

એમની કથામાં કામ પર જઈએ ત્યારે કેવું વર્તન કરવું તે ઘણું બધું જાણવા મળતું. ને ફાયદા પણ થતા. દેવીબેન મિત્ર જેવા લાગે. એમની સાથે વાત કરી શકાય. એમની પાસે જતા અચકાવાય જ નહીં. એમને પપ્પાજી સિવાય કાંઈ જ અગત્યનું ના લાગે.



હે દેવીબેન ! તમારી તબિયત પપ્પાજી સરસ રાખવાના જ છે. અત્યાર સુધી રાખી છે ને રાખશે જ. તમે ઘણાં બધા વર્ષો અમારી સાથે રહેજો ને આવો જ આનંદ કરાવજો.

પૂ.શીલાબેન પોપટ, યુ.કે.: દેવીબેન ૧૯૬૯માં લંડન આવ્યાં ત્યારથી અત્યાર સુધીમાં બધા જ હરિભક્તોની લાઈફમાં અને લંડન જ્યોતની બહેનોને આધ્યાત્મિક લાભ આપ્યો છે. આનંદ પણ કરાવ્યો છે. પપ્પાજીનો, ગુરુઓનો ખૂબ મહિમા સમજાવ્યો છે.

અહીંના સમાજમાં કોઈ બીમાર હોય તો પોતે ભજન કરે ને ફોન પણ કરે. પપ્પાજી બીમાર હોય, હૉસ્પિટલમાં હોય ત્યારે તેમણે બધી જ ખબર રાખી છે. સાથે સેવકોની પણ બધી કાળજી રાખતાં. દેવીબેને સુહૃદભક્તિ કરતાં શીખવાડ્યું છે.

લંડન પછી યુ.એસ. માટે પણ પપ્પાજીએ દેવીબેનની પસંદગી કરી. ત્યારે તો ઈન્ટરનેટ નહોતું. તો દેવીબેન મેપ લઈને બેસે ને આખી ટુર નક્કી કરે. હરિભક્તોને પપ્પાજીનું માહાત્મ્ય ગાય અને તેમના ઘરે બધી સેવા પણ કરે. ખૂબ ભીડો વેઠ્યો છે.

૧૯૮૦થી મને ઑફિસની સેવા સોંપી ત્યારે પપ્પાજીએ આજ્ઞા આપી હતી કે ઑફિસની સેવામાં જે કંઈ તકલીફ આવે તે તારે શોભનાબેનને નહીં પણ દેવીબેનને પૂછીને બધું કરવાનું. દેવીબેને માહાત્મ્યથી સેવા કરતા તો શીખવ્યું સાથે હરિભક્તોની એક એક પેની પપ્પાજીના ચરણે પહોંચે તેવી રીતે સીન્સીયરલી ઑફિસની સેવા કરતા શીખવ્યું. આધ્યાત્મિક સૂઝ પણ ઘણી બધી આપી છે.

પપ્પાજીને પ્રાર્થના કે દેવીબેન અને બધા સ્વરૂપોની તબિયત સારી રહે. દેવીબેન ! આપનો ભીડો સાર્થક થાય તે માટે અમે પપ્પાજીના સિદ્ધાંત પ્રમાણે, સંપ, સુહૃદભાવ, એકતાથી, પ્રથમ પ્રભુ પછી પગલું રાખી જીવીએ એ જ પ્રાર્થના.

પૂ.વિરેનભાઈ : આપણને બધાને અનુભવ છે કે હાસ્ય સ્વરૂપ આનંદની લહેરખી પ્રસરાવી દે એ દેવીબેન. ગુણાતીત સ્વરૂપની હરેક ક્રિયા ગમે. ભગવાનના સ્વરૂપની વાતો ગમે, તેમનાં દર્શન ગમે. બધાના અંતરમાં આનંદ આનંદ થઈ જાય.

દેવીબેન સાધક હતા એ વખતે નાનામાં નાનો વિચાર પણ નોંધી શકે તો અત્યારે તેમની સ્થિતિ કેવી હશે ? કેવી અવસ્થામાં જીવતા હશે ! સેકન્ડ માત્ર ભગવાનની ભક્તિ વગર જીવાતી નહીં હોય. બધા સ્વરૂપો આવા જ છે. તેમની પ્રભુમય દ્રષ્ટિનું જીવન છે; તો જ એ તાકાત, શક્તિ આપણી અંદર નાખી શકતા હશે ને! ભગવાનમાં રહેનારું તત્ત્વ શરીરના માધ્યમ દ્વારા આપણને જુએ અને આપણી અંદર એ

દિવ્ય શક્તિને આપી શકે. આપણા જીવમાં એ કેટલી બધી એનર્જી આપે છે! આ સ્વરૂપોની કરૂણા દ્રષ્ટિ છે! એટલે આપણે નસીબદાર છીએ.

દેવીબેન જુદુ જ તરી આવતું સ્વરૂપ. એ ક્યારેય પબ્લીકમાં ન આવે. આવે ત્યારે આનંદ કરાવી દે. પૃથ્વી પર આ સ્વરૂપો છે ને આપણે પણ છીએ. એ જ આપણને મહિમામાં તરબોળ કરી રહ્યા છે.

એક વખત સુરત – અનિર્દેશમાં અચાનક જ પધાર્યા કોઈ હતું નહીં. એક જાંબુનું ઝાડ હતું. તેના પર જાંબુ જોયું ને તોડીને ખાધુ ને અમને કહ્યું કે હું જાંબુ ખાઈને આવી. એવું લટકું કરે કે આપણી અંદર એ સ્મૃતિ દ્રઢ થઈ જાય. આજના દિને સૌ સ્વરૂપોના ચરણમાં પ્રાર્થના કે ખૂબ નિરામય દેહે અમ સંગે રહો ને તમને પણ કાખલી ફૂટતા અમે જોઈએ એવી અમારી પ્રાર્થના સ્વીકારશો.



ત્યારબાદ પૂ.ભાવનાબેન ડી., પૂ.ગીરાબેન, પૂ.અનુરાધાબેને પ.પૂ. દેવીબેનને કેક અર્પણ કરી





અને કર્તન કરાવ્યું.

કીર્તનની સી.ડી. 'મહિમા તવ નેતિ નેતિ'નું અનાવરણ પ.પૂ.દીદીના હસ્તે પૂ.દક્ષાબેન પટેલે કરાવ્યું.

આશીર્દાન પ.પૂ.દીદી : ગુણાતીત ગરિમા પર્વની પૂર્ણાહુતિની જય. દેવીબેન પગ પરથી માણસને પારખી લે એવી ભાવનાબેને વાત કરી. પણ મેં તો દેવીબેનને મોં પરથી પારખી લીધાં. તેમ આનંદ સાથે સ્મૃતિ કરાવી કે, એલ.આઈ.સીની ઑફિસેથી સીધા બાપાનાન દર્શને પધારે. એકાગ્રતાથી જોગીબાપાનાં દર્શન કરતાં ત્યારે લાગેલું કે આ બેન આપણાં છે. એ દેવીબેન આવી ગયાં ને અમારામાં સમાઈ ગયાં.

થોડા દિવસ પહેલાં ગુણાતીત પ્રકાશના ભાઈઓની મિટિંગ કરી. તેમાં વાતો કરતાં એક ભાઈની વાત આવી. તે થોડા જાડા છે. તો પૂછ્યું કે 'તમે ચાલો છો ?' તો દેવીબેન કહે 'એ ચાવવામાંથી નવરો થાય તો ચાલેને.' તો થયું કે, હળવું વાતાવરણ કરવું તે દેવીબેનમાં સહજ છે. દેવીબેનને મારી હાજરીમાં પપ્પાજીએ કહ્યું હતું કે, 'આ દેવીએ મને કોઈ દિવસ ઓશિયાળો કર્યો નથી.' આ વાત પર વિચાર કરીએ તો આપણું સાધનામાં કેવું વર્તન છે તે વિચારવું પડે. આપણે કંઈ મેળવવું છે. આ સમૈયામાંથી કંઈક લઈને જવું છે. આપણા જીવનમાં ધ્યેયનો આપણને સતત ખ્યાલ હોવો જોઈએ. મારે એકાંતિક ધર્મ સિદ્ધ કરવો છે. ઓશિયાળા કરવા એટલે શું ? તો ગુરુએ આપણને વશ વર્તવું પડે તે. તેવું ના કરીએ. મંગુએ કબીર પાસે દિવસે ફાનસ ધર્યું. એ કેવી ગુરુ પ્રત્યેની નિષ્ઠા ને વિશ્વાસ ! તેવું દેવીબેને જીવનમાં કર્યું છે. દેવીબેને હંમેશા દાસભાવ રાખ્યો છે. દાસ બનવું સહેલું નથી. બુદ્ધિશાળી દેવીબેન છે. આ સ્થાનમાં સત્પુરુષનું પ્રધાનપણું, સામર્થ્ય જાણી તેઓ દાસ બનીને પળેપળ વર્ત્યા છે.

એલ.આઈ.સી.માં દેવીબેન સર્વિસ કરતાં એ સ્મૃતિ કરાવી દીદીએ સૂઝ આપી કે, આપણા જીવનમાં પ્રભુને પ્રથમ રાખવા. સાધક સદા સાવધાન ને જોડમાં હોય. આપણે દેવીબેનના જીવનને આદર્શ રાખીએ. આપણી પ્રત્યેક ક્રિયાનો હેતુ કે પ્રભુ પ્રસન્ન થાય તેવો રાખવો. પપ્પાજીનું વચન, દેવીબેનનું વચન આગળ રાખીએ.

ગુરુ પાસે બે હાથ જોડીને તે કહે તેમ કરી લઈએ તો સાચુ સુખ આવશે. જુઓને દેવીબેને અહીંયા અનંત ફાનસ લટકાવી દીધા. શા માટે ? સૂઝ આપવા. ગુરુહરિ પપ્પાજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ. પ્રાર્થના, સંકલ્પનું બળ આપવાની દેવીબેન કૃપા કરજો. એ જ જય સ્વામિનારાયણ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** ખૂબ ખૂબ નસીબદાર કે આવા પ્રત્યક્ષ પ્રભુ મનુષ્યરૂપમાં મળી ગયા ! આ બે ચરણાર્વિંદ મનુષ્યરૂપમાં પ્રાપ્ત થયાં! તેમનાં દર્શન, સમાગમ, શિબિરનો લાભ લીધો છે. પુસ્તકોય એટલા ! કેસેટોય એટલી ! આપણી પાસે ખૂબ ભંડાર છે. કેસેટો સાંભળો, પુસ્તકો વાંચો. મૂંઝાવાનો સમય નથી. બસ આમાંથી કંઈક કંઈક વાંચીએ, સાંભળીએ. આજે કેટલો આનંદ કર્યો ! પપ્પાજીએ પૃથ્વી પર અક્ષરધામ લાવી દીધું. નકરી મહિમાની વાતો, ભગવાનની વાતો. ઓહોહો કેટલું સુખ છે ! પ્લીઝ બધા આનંદમાં રહેજો, પ્રાપ્તિના કેફમાં રહેજો. પપ્પાજીને સંભાર્યા કરીએ કે તમે મને સુખના સાગરમાં મૂકી દીધી ! એમ માની આનંદ કરીએ. પુરુષોની કે બીજી લાચારી બહેનો માટે પપ્પાજીએ ના રાખી તો પછી હવે અમહિમા રૂપી પુરુષને શા માટે રાખવો છે ? મહિમામાં જ રત રહીએ.

બધાએ ઉત્સાહથી આ સમૈયો ઉજવ્યો. તો હે પપ્પાજી ! તમારે જે પરમ ભાગવત સંત બનાવવા છે તે હસતા રમતા બની જઈએ તેવું બળ આપજો.

બીજું દેશ-પરદેશના મારા ભાઈ-ભાભીઓ આ સ્મૃતિ કર્યા કરજો. તમને મહિમામાં રહેવાની ટેવ છે. તો મહિમા ને પ્રાપ્તિના કેફમાં રહેજો. રાજી રહેજો. સહજાનંદસ્વામી મહારાજની જય.

દેવીબેનને સો વર્ષ રહેવાની પ્રાર્થના કરી તો તે સ્વીકારતા દેવીબેન કહે, 'સો વર્ષ રહેવું તેમાં શી મોટી વાત ? બસ આવો આનંદ કર્યા કરજો.' તો બકુબેને કહ્યું કે, 'બસ આપણે આનંદ કરીએ એટલે તેમનું હૃદય સો વર્ષ સુધી ધબકતું રહેશે.'

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ખૂબ આનંદની વાત છે. બા, કાશીબા ભગવાન ભજતાં હતાં. તેમાં જ્યોતિ, તારા, હંસા, દેવી આવ્યાં. દેવીબેને જ્યોતિબેનમાં આત્મબુદ્ધિ રાખી. સ્વ ભૂલવાની સાધના કરી તો ગુણાતીત ભાવમાં રહેતાં થઈ ગયાં.

અખંડ ભગવાનના ને બધાના દાસ થઈને વર્તે છે. ૨૫ લાખ વર્ષે આ પ્રાપ્તિ ના થાય, તે થઈ. જોગીબાપાએ અસાધારણ સંકલ્પ કર્યો ને પૂર્વના મુક્તોને ભેગા કરી સિદ્ધ દશાને પમાડ્યા.

દેવીબેન ખપ રાખીને આવ્યાં. અનાદિ મુક્ત હશે જ. ભગવાન ભજવા હરિદ્વાર, ઋષિકેશ ગયાં. પૂર્વના મુમુક્ષુ. જોગી ચૈતન્યદર્શી પુરુષ. તો કાગળ લખ્યો ને આધ્યાત્મિક ઉત્થાન થયું. દેવીબેનને ગેડ બેસી ગઈ.



ખપ રાખીને, જાણપણું, જાગ્રતતા રાખીને મંડ્યાં. પોતે ગુણાતીતભાવને પામી ગયાં. પારસથી પારસ બની ગયાં. પોતાનું બધું ખોટું માનીને જીવ્યાં. બુદ્ધિને દાસી બનાવીને વર્ત્યાં. આખા ગુણાતીત સમાજના મુક્તોને ગુણાતીતભાવ પમાડી રહ્યાં છે. તો સો વર્ષ પૂરેપૂરા નિરામય રહી આશીર્વાદ આપ્યા જ કરજો એજ દેવીબેનને પ્રાર્થના ને આશીર્વાદ.

અંતમાં ગુણાતીત ગરિમા પર્વની પૂર્ણાહુતિ કરતાં 'મન ઝૂમે તન નાચે...' ભજન પર આનંદ નૃત્ય સાથે સ્વાગતરથની બગી સ્ટેજ પાસે લાવ્યા ને પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેનને તેમાં બિરાજમાન કરી બહેનોએ આનંદભાવ અર્પણ કર્યો. ને જયઘોષ કર્યો.





આ બંને દિવસના કાર્યક્રમમાં નાના-મોટા કાર્યમાં ભાગ લેનાર સૌને અભિનંદન આપતા સૌનાં હૈયા ધરાતાં નહોતા. ઓડિયો-વિડીયો કલીપથી માહાત્મ્ય આનંદભાવ અર્પનાર સર્વને અનંત અભિનંદન. આવો જ મહિમાનો પાવર સતત અંતરમાં વહે એ જ પ્રાર્થના સહ ગુણાતીત ગરિમા પર્વની જય જય જય.

## તા.૫.૧૨.૨૦૨૧ : પ.પૂ.જસુબેનના સ્વરૂપાનુભૂતિની ઉજવણી...





ગુરુહરિ પપ્પાજી મહારાજના યુગકાર્યના કલ્પનાતીત સ્વરૂપ પ.પૂ.જસુબેનનો ૫૯મો સ્વરૂપાનુભૂતિદિન પર્વ. જે ૫.૧૨.૨૦૨૧ના પપ્પાજી હૉલમાં ઉજવાયો.

જસુબેનને જેવો પ્રાપ્તિનો કેફ આઠે પહોર ઉછળે છે તેનો આસ્વાદ માણવા, તેમનો આભાર માનવા, જ્યોતમાં અને ઓનલાઈનથી માણવા ભક્તો આતુર હતા. તે સૌને આવાહન શ્લોક બાદ જય સ્વામિનારાયણ કહ્યા. ને પ.પૂ.જસુબેને આપણા સૌ વતી ગુરુહરિ પપ્પાજીને પ્રાર્થના પહોંચાડતા હાર અર્પણ કર્યા.

સભા સંચાલિકા પૂ.સ્મૃતિબેને આજનો આનંદ વર્ણવતા કહ્યું કે ૧૯૬૨ની ૫મી ડિસેમ્બરે અંતરના ઓલોચે ગુરુહરિ પપ્પાજીનાં દર્શન પૂર્ણ પુરુષોત્તમનારાયણ રૂપે કર્યા અને ભાવાશ્રુ સહ ભજન ગાયું કે 'યોગી તારા ગાવામાં ગુણગાન...' ને એ ભજનના એકેએક શબ્દો તેમના જીવનમાં તે પળથી જ ચરિતાર્થ થયા. અહમ્ મમતાનું ભાન ભૂલી ભક્તોની સેવાનું સદાય તાન રાખ્યું. દિવ્યભાવે નિઃશંક થઈ સૌને બ્રહ્મની મૂર્તિ માની દાસભાવે પરબ્રહ્મની ભક્તિ કરી, સાચી સાધુતાની પ્રાપ્તિ કરી વારસદાર બન્યાં. જેમાં આશ્રિતના દોષ જોયા વિના પોતાના શિરે ધરી સુહૃદ જતન કર્યું. આશ્રિતોને 'એક રહેજે જ તું...' ભજનની રટણા લગાડી. સ્વયમ્ 'મેં કૃષ્ણ મેં મોરારી...'ની ભાવસમાધિમાં દાસત્વભાવે વર્તી એવા ભક્તોને પણ તૈયાર કર્યા જે દાસાનુદાસ બની વર્તે.

તેમના જેવી ભક્તિ –સંબંધે સ્વરૂપ માની જીવીએ તેવી પ્રાર્થનાથી ગુરુહરિ પપ્પાજી ને જસુબેનને સ્વાગત હાર અર્પણ થયા. પ.પૂ.દીદીને હાર અર્પણ કર્યા. સાથે સાથે દેશ–પરદેશના સર્વ ભક્તો વતી ભાવાર્પણ કર્યા. કાર્યક્રમના ઓનલાઈન ભક્તોના અનુભવો અને નૃત્યના ભાવોને માણ્યા. એ સૌએ ખરેખર જે માહાત્મ્યેયુક્ત સમાગમ, સ્મૃતિ, નામરટણના અનુભવો કર્યા છે તે બદલ દિલથી ધન્યવાદ, અભિનંદન દેતા આનંદનો પાર નથી. એ મહિમાગાનને સંક્ષિપ્તમાં માણીએ.

સૌ પ્રથમ રાજકોટના યુવતી મંડળે 'આવ્યા રે આવ્યા રે એની દ્રષ્ટિમાં આવ્યા....' ભજન પર નૃત્ય રજુ કર્યું.

પૂ.સેજલબેન કાપડીયા - ગાંધીનગર : મારી નાની બહેનને જૂન મહિનામાં કોરોના થયો હતો. જસુબેન, નીલાબેને કહ્યું કે તું ધૂન કર. સરસ થઈ જશે. મારી બહેનને અમદાવાદ સ્ટર્લિંગ હૉસ્પિટલમાં દાખલ કરી. આખા કુટુંબીજનોએ પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. નિધિ એક મહિના સુધી બેભાન હતી. અમે બધા સમાચાર જસુબેન, નીલાબેનને આપતા હતા. તેઓ કહેતા કે ભગવાન સારું કરશે. નિધિના હાથમાં પપ્પાજીની મૂર્તિવાળું બ્રેસલેટ હતું. તે દિવ્ય શક્તિ તેની સાથે હતી તો ૧લી એપ્રિલ પછી તે થોડી ભાનમાં આવતી ગઈ. પણ અમારી સાથે બોલી શકતી ન હતી.

પછી ધીરે ધીરે સારું થવા લાગ્યું. ને હૉસ્પિટલમાંથી છૂટ્ટી મળી પછી ગાંધીનગર ગયા. અત્યારે ખૂબ સરસ છે. પપ્પાજીનો, જસુબેનનો ખૂબ આભાર માનું છું. તેમના આશીર્વાદે જ તેને સારું થઈ ગયું.

પૂ.આનંદીબેન શુકલા – કેનેડા : જસુબેન કહે છે એમ હું પણ કહી શકુ છું કે હું ખૂબ ખૂબ નસીબદાર છું. જસુબેન અમને કાયમ માટે સૂઝ આપે છે. તેમની કૃપાથી ઘરમાં સુખ, શાંતિ, આનંદ રહે છે. જસુબેન કહે છે કે દરેક વાતમાં પ્રેમ અને પ્રાર્થનાનો ઉપાય લો. કોઈને કાંઈ કહેવાનું નહીં. જસુબેન દયાળુ ને પ્રેમાળ છે. અમને કોઈ દિવસ ધૂન, ભજન કરવાનું કહ્યું નથી. પણ એમની પ્રાર્થનાથી ધૂન કરવાનું ઉદય થાય છે. તો હે જસુબેન ! તમારા બળે જીવન જીવાય. હે પપ્પાજી ! જસુબેનની હેલ્થ ખૂબ સરસ રાખજો અને ખૂબ લાંબુ આયુષ્ય ધારી અમારી સાથે રહે એ જ પ્રાર્થના.

પૂ.જસુમાસી – વડોલીવાળા (કેનેડા) : મારા જીવનમાં ઘણા પ્રસંગો આવ્યા. જસુબેનને સંભારતા બળ મળી જાય છે. પપ્પાજીએ જોગી મહારાજને રાજી કર્યા તેમ જસુબેને પપ્પાજીને રાજી કર્યા. તેમ અમે તમને રાજી રાખી શકીએ. સંપ, સુહૃદભાવ, એકતા રાખીએ. ઘર અને દેહને મંદિર બનાવીએ તેવું કરી આપો એ જ પ્રાર્થના.

પૂ.વૈશાલીબેન દર્શનકુમાર – રાજકોટ : નાના હતાં ત્યારથી જ્યોતમાં આવતાં હતાં. લાઈફ છે એટલે પ્રસંગો આવે. જસુબેને જપથી અમને બહાર કાઢ્યા છે. બહાર જઈએ ત્યારે પપ્પાજી અને જસુબેનને પગે લાગી આશીર્વાદ લઈને નીકળીએ છીએ તો બધું સારું રહે છે. અમારા આખા ઘરમાં બધાને કોરોના થયો હતો. જસુબાના આશીર્વાદથી બધાએ ઘરમાં જ ટ્રીટમેન્ટ લીધી ને બધાને સરસ થઈ ગયું. જસુબેનને પ્રાર્થના કે તમે ખૂબ તંદુરસ્ત લોંગ લાઈફ રહો.

પૂ.હર્ષાબેન વિનોદભાઈ – વડોદરા : જસુબેને સુરતમાં મારા પર દ્રષ્ટિ કરી ત્યારથી તેમના આશીર્વાદથી આગળ ગયા છીએ. મારા સાસુએ લગ્ન વખતે ચંદનહાર આપેલો તે એક વખત પાછો માગ્યો. ને મેં આપી દીધો. જસુબેને મને આજ્ઞા આપેલી કે, તને કોઈ કાંઈ કહે તે તારે મનમાં નહીં રાખવાનું. અખંડ મૂર્તિમાં રહેજે. પપ્પાજીને યાદ કરજે. તેમ કરતી હતી. બે દિવસ પછી ચંદનહારની વાત જસુબેનને કરી. તો કહે, ભજનથી તારે જ એ વસ્તુ પાછી લાવવાની. મેં ભજન કર્યું અઠવાડિયા પછી મારા સાસુએ હાર પાછો આપી દીધો ને કહે 'જ્યારથી હાર લીધો છે ત્યારથી મને ઊંઘ નહોતી આવતી.'

કુટુંબના બધા જ સભ્યો જસુબેન અને નીલાબેનના સંપર્કમાં છે. જસુબેને મને ખૂબ સુખી કરી છે. જસુબેન મારી પાસે જ છે. મારું સાંભળે જ છે ને મારી રક્ષા કરે જ છે. તીવ્ર ભજન અશક્ય વસ્તુ શક્ય બનાવે એવું પપ્પાજી કહે છે તે અનુભવું છું. જસુબેન અને પપ્પાજી ના મળ્યા હોત તો જગતમાં ક્યાંય ખોવાઈ ગયા હોત. તો હે જસુબા ! સદાય મારી સાથે રહેજો.



મારી રક્ષા કરજો.

પૂ.ડૉ.વીણાબેન : જસુબાના ભજનો અને પ્રોગ્રામ ઊંડાણથી જોઈએ તો બા-બેન જેવું જ આ ગૃહસ્થ સ્વરૂપ કહેવાય. જેવી રીતે બાએ જોગીમહારજને સમર્પણ કર્યું, કાકા-પપ્પાને સેવ્યા તેમ જસુબાએ કર્યું. પોતાના બાળકોને પણ આ જ આપ્યું. બેઝીક બોડી લેંગ્વેજમાં જે ઠસ્સો છે કે શું ના થાય ! તેમનામાં ઉત્સાહ ને પ્રેરક બળ છે. ખમ્યાં, નમ્યાં ને ચાર બહેનોને મોટાં માની તેમના જેવી પ્રાપ્તિ કરી લીધી. ધ્યેય સિદ્ધ કરવામાં શૂરવીરતા વાપરી. તેઓ યુનીક છે. પ્રાર્થનાથી શું પાર ન પડે ! ભજન કરો. એક જ વાત કરે કે કોઈના સ્વભાવ, પ્રકૃતિ જોવાના નથી. સૌને પ્રેમ ને પ્રાર્થનાથી જીતવાના. નહીં તો પપ્પાજી આપણી પરીક્ષા કરશે જ. પ્રેમ અને પ્રાર્થનાનું બળ તેમના હલનચલન ને મુખાર્વિંદ પર સહજ દેખાય છે. જબરજસ્ત અંતર્યામી છે. આપણામાં ભજન, પ્રાર્થનાની કાચપ હોય, શ્રદ્ધા ન હોય, ઢીલા પડી ગયા હોઈએ તો સામેથી બોલાવે ને બળમાં લાવી દે. એમણે જે તપ કર્યું છે તેના લીધે ગુણાતીત જ્યોતમાં સુખ અને શાંતિ મળે છે. તેમના હરિભક્તો – લક્ષ્મણબાપા, બેચરભાઈના મુખેથી સાધક ને પરમ ભાગવત સંત જેવી વાતો સાંભળવા મળે છે. એવા ગૃહસ્થોને તૈયાર કર્યા. બહુ અજોડ ને અદ્વિતીય છે. તેમના રોમેરોમમાં પપ્પાજી પ્રગટી ગયા. જસુબેન નીલાબેનનો સંબંધ અદ્ભુત છે. એવા સમ્યકભાવે જીવતાં બનાવ્યાં. જસુબેન પાસે જે આવે તે ઉત્સાહથી પ્રસંગો પાર કરી શકે છે. પપ્પાજીએ જ્યોતિબેન, તારાબેન, દીદી, દેવીબેન, જસુબા જેવા સ્વરૂપો આપ્યા તો સુખ, શાંતિ, આનંદથી સાધના થાય છે. ખરેખર જસુબા, તમારી કૃપા અમારી પર છે તે કરતા રહેજો. અમારા આત્મામાં રહેલી રાખ હોય તે ઉડાડી દેજો એ જ પ્રાર્થના.

ત્યારબાદ પૂ.અરૂણાબેન પટેલ રચિત 'હે નિષ્કામી, નિર્માની, સેવકભાવ...' ભજનમાં સૌ લીન થયા.

પૂ.માર્ગીબેન સુતરિયા - ઓસ્ટ્રેલિયા : જસુબાના મને જે અનુભવો થયા છે તે હું જણાવીશ. અમે ચાર જણા ઈન્ટરનેશનલ સ્ટુડન્ડ હતા. અમે એક ઘર શેર કરતા હતા. અમારા રૂમ જુદા જુદા હતા. એક સાંજે હું ઘરે એકલી હતી કંઈક અવાજ આવ્યો. મેં દરવાજો ખોલીને જોયું તો કોઈ હતું નહીં. પણ પેલો અવાજ ફરી આવવા લાગ્યો. મેં બધું ચેક કર્યું પછી મને થોડો ડર પણ લાગવા મંડ્યો. મારી ફ્રેન્ડ કહે કે તમે ઘરની બહાર આવી જાવ. હું આવું પછી જઈએ. એટલે અમે સ્ટેશન પર બે-ત્રણ કલાક બેસી રહ્યા. પછી અમે રાત્રે ૧૧ વાગ્યે ઘરે જવાનો પ્રયત્ન કર્યો. પણ જે કંઈ નેગેટીવીટી હતી તેના લીધે ઘર પાસેના સિગ્નલથી અમે આગળ જઈ જ નહોતા શકતા. તે રાતે ખૂબ તકલીફો પડી. ઈન્ડિયા ઘરે ફોન કરીને મમ્મી-પપ્પાને જણાવ્યું તો કહે જસુબા અને નીલાબેનને વાત કર. જસુબાએ કહ્યું કે 'તું ભગવાનનું નામ લેતા લેતા



જળ તમારા ઘરમાં બધે છાંટ. અને તારો સામાન પેક કરીને એના પર પણ છાંટ. જેથી તું આવતા વીક બીજે રહેવા જાય ત્યાં આ નેગેટીવીટી તારી સાથે ન આવે.' મેં એવું જ કર્યું. મારે ઘર બદલવાનું નક્કી હતું પણ એ બીજા અઠવાડિયે થઈ જશે તે નક્કી નહોતું. અહીં તે માટેની કાર્યવાહી ખૂબ અઘરી હોય છે. પણ જસુબાએ કહ્યું તેમ હું બીજા અઠવાડિયે નવા મકાનમાં રહેવા જતી રહી ને અહીં બધું ખૂબ સારું થઈ રહ્યું છે.



એક વાત મને શીખવા મળી કે સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરીએ તો સારામાં સારું કાર્ય થાય જ. ભગવાનને ખાલી જરૂરિયાતે નહીં પણ કાયમ યાદ કરો. જસુબાએ તેમની દિવ્ય પ્રેરણાથી કાયમ મને માર્ગદર્શન આપ્યું છે. બાળપણથી એમનો સંપર્ક છે. તેમની વાતો ને માર્ગદર્શનને મારું જીવન બનાવ્યું છે. ને હું ખૂબ નસીબદાર છું એ વાત આજે મને મનાય છે. ભગવાનના ચરણોમાં એ જ પ્રાર્થના કે જસુબા તમે નિરામય રહો ને તમારા આશીર્વાદ અમારા ઉપર હંમેશા રહો.

**પૂ.બિંદુબેન ડોરી – મોરબી :** મારા પપ્પાની ટાઈલ્સની ફેક્ટરીમાં શરૂઆતમાં આખી ટાઈલ્સ નીકળે જ નહીં. ટુકડા જ થઈ જતા હતા. જસુબા મોરબી પધાર્યા. મહાપૂજા કરી. ફેક્ટરીમાં પધરામણી કરી. તે જ દિવસથી ટાઈલ્સ આખી નીકળવા લાગી. એ જસુબાના પગલા ને આશીર્વાદનો પ્રતાપ છે.

કોરોના વખતે ઘરમાં બધાને કોરોના થયો. નીલાબેન અને જસુબાએ ખૂબ કાળજી લીધી. ખૂબ બળ આપ્યું. અંદર મૂંઝવણ થતી હોય તો જસુબાને કહીએ તો મૂંઝવણ ટળી જાય છે. હે જસુબા ! સદાય અમારા પર કૃપા રાખજો.

**પૂ.કલ્પુબેન રૂપારેલ :** જસુબાના સંકલ્પ અને જતને હું આ સ્થાનમાં બેઠી છું. એ જ મોટો અનુભવ છે. નાનપણથી તેમની ગોદમાં રહેવા મળ્યું છે.

મને કંઈપણ બને તો તરત જસુબેનને લખી દેવાની ટેવ. એકવાર રાત્રે અજુગતુ સ્વપ્નુ આવ્યું. સવારે લખીને જસુબેનને આપ્યું. વાંચ્યા વગર જસુબેને મને પૂછ્યું કે, 'તને સ્વપ્નુ આવ્યું હતું? અજુગતુ હતું ? તેમાં ભળવાનું નહીં.' એમ કહીને ભૂલાવી દીધું. કેવા અંતર્યામી! વાંચ્યા પહેલા જવાબ મળી ગયો

ઘરે હતી ત્યારે દહીં ને ખાંડ ખાવાની ટેવ. મમ્મીએ જસુબેનને વાત કરી. બીજે દિવસે હું જ્યોતમાં આવી તો સર્યુબેન પટેલને કહે કે એક મોટા વાડકામાં દહીં ને ખાંડ લઈ આવ. તે લઈ આવ્યા. જસુબેને બરાબર હલાવ્યું ને મને કહે કે તને દહીં ને ખાંડ બહુ ભાવે છે તો લે આ ખાઈ લે. મને તો ભાવતું જ હતું. એટલે એમની સામે બેસીને જ ખાઈ લીધુ. ત્યારથી આજ દિવસ સુધી દહીં ને ખાંડ ખાવાનું મન થયું નથી.

આમ આપીને ટાળ્યું. કેવા ગુરુ મળ્યા છે! આધ્યાત્મિક પ્રગતિ દિલથી માફી આપીને સામેથી ગરજ રાખીને કરાવી છે. પપ્પાજી અને જસુબેનની આંખ મને જોઈને ઠરે ને તેઓ નીરોગી દીર્ઘાયુ રહે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** પપ્પાજીનું કાર્ય તો જુઓ. દેહે કરીને ત્યાગીના કપડાં પહેર્યા કે ગૃહસ્થના! પહેલી જ વાત એ કે જેને ભગવાન માનીને આપણે જીવન સમર્પણ કર્યું એ ગૃહસ્થ. ને આ જસુબેન પણ ગૃહસ્થ. તેમણે નક્કી કર્યું કે ચાર બહેનો જેવા થવું છે. આદર્શ નક્કી થયા પછી કોઈ આડું આવતું નથી. ધ્યેય સિદ્ધ કર્યું ને એવા પાત્રોય તૈયાર કર્યા. મીનાબેન, વનીબેન, નીલાબેન જસુબા જેવું કાર્ય કરી રહ્યા છે.

આપણને પળેપળ થવું જોઈએ કે હું સાધુ થવા

આવી છું. મારામાં સાધુતા આવવી જોઈએ. જસુબેને એક એક પગલુ ધ્યેય સિદ્ધ કરવા માટે ભર્યું ને સમર્પણ કર્યું છે. પોતાને જુએ, પોતાને ઓળખે અને જે મૂકવાનું છે તે મૂકે છે એવી જાગ્રતતા જસુબેને રાખી છે.

જે વહાલું તેનું કામ ચાલુ. આપણે ભગવાનને વહાલા થવું છે. તે ક્યારે થવાય ? એમની હાશ લઈએ ત્યારે. તેમને અંતર્યામી માનીને જીવીએ ને વહાલા થતા જઈએ. આપણું અંતર સદાય ટાઢુ રહે. તે ક્યારે ધગે ? તો કોઈના ઘસારામાં પડીએ ત્યારે ધગી જાય. એવું આપણે જોતાં રહેવું જોઈએ. જસુબેનના બધા જ ભજન સરસ. એકોએકમાં કંઈક નવું જ પીરસ્યું છે. આપણે આપણા જીવનમાં 'સર્વસ્વ મારું જે માન્યું તે...' ભજન રાખવું છે. જે કંઈ આપણે નક્કી કર્યું તેના માટે પોતે ભજન, ધૂન, પ્રાર્થના કરવા પડે. ગુરુ સંકલ્પ કરે છે. તેનો સંકલ્પ દૃઢ છે. કરવું તો આપણે જ પડે. ભજન પછીની હળવાશ છે તે સુખ જુદુ છે. પપ્પાજીએ સરસ જોગ આપ્યો છે. અંતર્યામી પ્રભુએ કેવા કેવા સ્વરૂપો આપણી સામે મૂક્યા છે. પપ્પાજીના માહાત્મ્યનું, કાર્યનું, દર્શન થાય છે. આવાં જસુબેનને બનાવ્યાં. પપ્પાજીના કાર્યનું સુખ આવતું જાય એવા આપણે થઈ જ જવું છે. જસુબેનના દેહમાં ચોવીસ કલાક ભગવાન કામ કરે છે. જસુબેન તમે એવા આશીર્વાદ આપજો કે તમારી જેમ જાગ્રતતા રાખી સાધના કરીએ. નાની નાની લડત છે તે મૂકી દઈએ.




પૂ.ધનીષાબેન સોલંકી : જે જન્મે છે તે પોતાનું ભાગ્ય લઈને જન્મે છે. અમને પણ જસુબા અને બહેનો સાથે જ્યોતમાં રહેવાનું મહાભાગ્ય મળ્યું છે. ખરેખર અમે ખૂબ નસીબદાર છીએ. જસુબા કહે છે કે, જે સંબંધમાં આવે તે પશુ – પક્ષીનું કલ્યાણ તો આપણું છે જ ને અમે તો આખા અક્ષરધામમાં બેઠાં છીએ. એક અનુભવ કહું. મારે લેસન કરવું'તું ને બુક ખોવાઈ ગઈ. ઘરમાં ને બેગમાં બધે શોધ્યું પણ ના મળી. પછી પ્રદક્ષિણા માની ને બુક મળી ગઈ. આમ પ્રાર્થના કરીએ, પ્રભુનો આશરો રાખીએ તો પ્રભુ મદદ કરે છે. અમે જ્યોતની ને બેનોની સેવા કરીએ. મોટા થઈને એકાંતિકપણું સિદ્ધ કરીએ એ જ પ્રાર્થના.

પૂ.પ્રીતિબેન પટેલ – યુ.કે. : જસુબેન મને કાયમ કહે કે તું જરાય ચિંતા ન કરતી. તારામાં પપ્પાજી જ બધું કરે છે ને કરશે. જસુબેન મારા માટે ભજન કરે ને કામ થઈ જાય. મને કામ પર મનેજરનો થોડો પ્રોબ્લેમ હતો. તો જસુબેન કહે, 'આપણે ટેન્શન ન જોઈએ. તું છોડી દે નોકરી. પછી કહ્યું કે, 'થોડીવાર રાહ જો.' તેમ કર્યું તો મેનેજરે જ નોકરી છોડી દીધી.

આજ્ઞા પાળું છું તો રીઝલ્ટ ખૂબ સરસ આવે છે. આ પ્રાપ્તિ હોય નહીં. જસુબેનની તબિયત સરસ રહે ને તેમને ગમે છે તેવું જીવન જીવતી થઈ જાઉં તે જ પ્રાર્થના.

વિદ્યાનગર, અમદાવાદ, હાલોલ, સુરતના યુવતીમંડળે 'અહો ખૂબ ખૂબ ભાગ્યશાળી...' ભજન પર નૃત્ય રજુ કર્યું.

પૂ.કવનભાઈ ડોરી – મોરબી: આપણે ખૂબ નસીબદાર કે આવા વહાલાં જસુબા પપ્પાજીએ આપ્યાં. જસુબાએ ઘણી નાની વાતો શીખવી છે. પ્રાર્થના કરવી, પૂજા કરવી, ઘરમાં મોટેરાંને પગે લાગવું, કંઈ જોઈતું હોય તો જીદ ન કરવી. પપ્પાજીને પ્રાર્થના કરવી. ભણવામાં હોંશિયાર થવું. ખોટું ન બોલવું વગેરે. તો હે પપ્પાજી ! જસુબાની જેમ બધાની સેવા કરવાનું બળ આપજો ને જસુબાની તબિયત સારી રાખજો.

નાનું ભૂલકું પૂ.તનયભાઈ ડોરી – મોરબીએ પોતાને ગમતું 'દિવ્ય જીવનના દિવ્ય આનંદમાં...' ભજન મોંઢે ગાઈને સૌને ભક્તિસભર કર્યા.

પૂ.બિજોયભાઈ – હાલોલ : અમારા ઘરમાં પપ્પાજીની મૂર્તિ છે. મારા પપ્પા રોજ પગે લાગીને

જાય. મેં દાદાને પૂછ્યું તો કહે કે, બહાર જઈએ તો પપ્પાજી રક્ષા કરે. એક વાર જસુબાએ મને પણ આવી જ આજ્ઞા આપી. હું પગે લાગીને જવા લાગ્યો. એકવાર એક્ટીવા પર જતો હતો. સ્પીડ ૬૦-૭૦ની હતી. આગળ ટ્રક જતી હતી તે અચાનક ઊભી રહી ગઈ. અંદરથી પ્રાર્થના થઈ ગઈ કે જસુબા ! ગયો, હવે તમારે જ રક્ષા કરવાની છે. શું થયું ખબર નથી પણ આટલી સ્પીડમાં બ્રેક મારી પણ અમને કાંઈ જ નુકશાન ન થયું. આમ અંતરથી પુકાર થઈ ગયો તો એક્સીડન્ટમાં બચાવી લીધો.



પૂ.વિરેનભાઈ - ગુણાતીત પ્રકાશ : મારી માવડીનો હીરક સ્વરૂપાનુભૂતિદિન. જેટલો મહિમા ગાઈએ એટલો ઓછો છે. જસુબા કહે છે કે મૂંઝવણ, વિક્ષેપ, અભાવ આવે તો તમારું ડાચુ મને બતાવી જજો. આ વાક્યમાં કેટલું ઊંડાણ છે ! કેવી બાંહેધરી આપે છે ! પોતે આપણને દ્રઢતાથી સીંચી રહ્યા છે કે મારો પ્રભુ એવો સર્વોપરી છે કે એને એક હાંક મારીશ ને તમારી મૂંઝવણ ટળી જશે. આ નજરે જોયું છે. મગનબાપા, અનિલાબા, લક્ષ્મણબાપા ને અશ્વિનભાઈ મોરબી વગેરેમાં. જસુબાએ ચૈતન્યોની જે જે ઈચ્છા હતી તે પૂરી કરી ને બધાને બળ આપ્યું છે. લક્ષ્મણબાપા વખતે તો બધા સ્તબ્ધ થઈ ગયા હતા. આવા વખતે સાંત્વના આપવી તે ખૂબ અઘરું છે. કેવી પ્રાર્થના સાથે કાર્ય કર્યું હશે તો બધા બળમાં છે ! આ સ્વરૂપો શક્તિનો ભંડાર છે. એને શબ્દના માધ્યમની જરૂર નથી. એમણે પ્રાપ્ત કરેલી આ સ્થિતિ આપણા આધ્યાત્મિક ઉત્થાન માટે વાપરી રહ્યા છે. તો હે જસુબા ! તમને જેમ પ્રાપ્તિનો કેફ છે ને આધ્યાત્મિક ચડાણ અમને ચડાવવા છે તે ચડાવજો. પપ્પાજીને ગમે છે તેવું જીવન જીવીએ તે જ પ્રાર્થના.

પૂ.ટી.રાજેશભાઈ : (ઈસરોના મોટા સાયન્ટીસ્ટ) આજથી બે વર્ષ પહેલા નવેમ્બર ૨૦૧૯માં મારા મિત્ર મિતેષભાઈ દ્વારા મને ગુરુહરિ પપ્પાજી મહારાજ અને પૂ.જસુબાનાં દર્શન થયાં. તેમના દર્શન અને આશીર્વાદ પહેલા મારા જીવનમાં આધ્યાત્મિક વાતોનું એટલું મહત્ત્વ નહોતું. પણ તેમના દર્શન બાદ મને કંઈક અદ્‌ભુત અનુભૂતિ થઈ જેને માટે હું મને ભાગ્યશાળી માનું છું. મારા જીવનને આધ્યાત્મિક દિશા આપી. આજે ધૂન અને ભક્તિ મારા જીવનમાં છે. તે માટે હું ગુરુહરિ પપ્પાજી અને જસુબાનો આભાર માનું છું.

પૂ.બેચરભાઈ માંગરોલિયા : જસુબેન અનાદિનું સ્વરૂપ. તેમણે સાધના શૂરવીરતાથી કરી. પપ્પાજીને પણ ધન્યતા લાગે કે 'આવા શિષ્ય મળ્યા !' શુદ્ધિકરણના પ્રસંગોમાં પપ્પાજીને જ સાથ આપ્યો. દેવતાને ન આપ્યો. પપ્પાજીને કહ્યું કે 'મારી આંખના આંસુ જોઈને તમારું કાર્ય બંધ ન કરતા.' આ તો બુદ્ધિ પરની શૂરવીરતા. આવી શૂરવીરતા રાખી ધ્યેય સિદ્ધ કરી જસુબેન પપ્પાજીનું સ્વરૂપ બની ગયાં. પપ્પાજી જેવું કાર્ય કરી રહ્યા છે. નિર્વ્યાજ પ્રેમ આપ્યો છે. પળેપળનું જાણે છે ને જણાવવા નથી દેતા કે હું જાણું છું કે તું કેવું જીવે છે.

થોડા વર્ષો પહેલા મને કહેલું કે 'હવે તું ને પપ્પાજી બે જ એવું જીવન કરી દેવું.' એકવાર અચાનક મને ફોન કર્યો ને કહે 'ક્યાં ભટકો છો ?' ત્યારે હું વિચારોથી મહિમામાં નહોતો. મેં પૂછ્યું, 'તમને ત્યાં બેઠા બધી ખબર પડે ?' તો કહે 'પપ્પાજી જેવા સ્વરૂપને સેવ્યા છે. ડોલકા નથી છોલ્યા.' કેવા અંતર્યામી સ્વરૂપ ! ખૂબ દયાળુ. આપણી કેપેસીટી જાણે છે. એવા હૈયામાં બેસી ગયા છે કે આનંદ રહ્યા કરે. તે આનંદ શાશ્વત કરવો છે. આવા ગુણાતીત સ્વરૂપ મળ્યા પછી અખંડ આનંદના ફુવારા ઊડે તેવી અપેક્ષા છે. એમને આપણને ખૂબ આપવું છે પણ આપણા ઈન્દ્રિયો, અંતઃકરણ નબળા છે. તેથી લઈ શકાતું નથી. તો હે જસુબેન ! તમે જ

કૃપા કરજો. તમે હૃદયમાં બેઠા છો. પપ્પાજીનું, તમારું સ્વરૂપ ઓળખીએ. મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાં જઈ ન શકીએ. કર્તાહર્તા પપ્પાજી મનાય. સૌ પ્રગતિ કરતાં ચૈતન્યો મનાય. અખંડ અક્ષરધામનું સુખ અનુભવીએ તેવી તમારા ચરણોમાં પ્રાર્થના.

**પૂ.રવજીભાઈ – સુરત :** જસુબેનને સાક્ષાત્કાર થયો. માનવદેહમાં પ્રભુ દેખાયા. માહાત્મ્યસભર દાસભાવે સેવા ને ભજન કર્યું. તારદેવની ખૂબ સેવા કરી. ૮૪ પગથિયાં ચરણરજ માથે ચડાવતા ને ચઢતાં જાય. જસુબેને દક્ષિણ ગુજરાતના ચૈતન્યોને જગાડ્યા. પોતાના દાખલા આપી, હરિભક્તોના મનોરથ પૂરા કરી, પપ્પાજીની નિષ્ઠા કરાવી છે. જળ આપી બીમારી દૂર કરી છે. ચાર બહેનો જેવી સ્થિતિ કરવાનો સંકલ્પ કર્યો ને તેમાં પપ્પાજીએ ગૃહી-ત્યાગીનો મેળ નથી રાખ્યો એ જસુબેને સિદ્ધ કર્યું ને કળશ ચડાવ્યો. જસુબેનની વાતો મડદાં બેઠાં કરે એવી. સંબંધવાળાને સ્વરૂપ માની સેવા કરી ને કરાવી પોતાના જેવા મુક્તો તૈયાર કર્યા. તમે જેમ માહાત્મ્યેયુક્ત સેવા ને ભજનનો આશરો લીધો, પપ્પાજીને કર્તાહર્તા માન્યા તેમ માની અમે પપ્પાજીનું કાર્ય કરતા થઈએ તેવી પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** પપ્પાજીએ કૃપા કરી તો મનાયું કે તેઓ માણસ નથી ભગવાન છે. આપણે કોઈ શોધવા નથી ગયા. એક એક ને પપ્પાજી લાવ્યા છે. એમને આપણા કરતા વધારે ભાવ આપણા પર છે. તો એમના શબ્દ ઝીલાયા. આપણે સેવકના ય સેવક થવું તે ફરજ છે. સંબંધવાળાના સ્વભાવ, પ્રકૃતિ જોવા નથી. પપ્પાજી કહેતા કે, 'બધાય બધું કરશે જ. તારે સ્વરૂપ બનવું છે ? તો સુહૃદભાવ રાખો.'

ખરેખર પપ્પાજી કોઈની એક સેકંડ બગાડતા નથી. કોઈને મૂંઝાતા જુઓ તો કથા ન કરતા. ભજન કરો. એક પપ્પાજી જ કર્તાહર્તા છે. એ સિવાય કોઈ કાંઈ કરી શકતું નથી. પપ્પાજી જ્યારે ખૂબ રાજી થાય ત્યારે જ મૂંઝવણ આવે. દેખાડવા માટે લાવે કે આ તારી અહંતા, મમતા છે. એવા કૃપાળુ ને દયાળુ છે. અત્યારે જે કક્ષાએ જવું હોય ત્યાં જઈ શકશો. બધા ગ્રહણ કરે છે એવું માનવું જ પડે. સૌને પપ્પાજીનું યથાર્થ સ્વરૂપ ઓળખાય જાય, કર્તાહર્તા મનાઈ જાય એવું જીવન બની જાય. આપણે કોઈને સ્થિતિ કરાવવાનો આગ્રહ ન રાખવો. કોઈનું ન જુવો. દાસના ય દાસ બની જાવ. કોઈને તમે મૂંઝવો નહીં. દયા આવે તો પ્રાર્થના કરો. કર્તાહર્તા પપ્પાજી છે. વઢો-ધખો તો નહીં જ.

ડૉ.નીલાબેને પપ્પાજીના પ્રથમ દર્શને નક્કી કર્યું કે મારે ડૉક્ટર થવું છે ને અહીંયા સાધના કરવી છે. ને તેણે અધ્ધર વચન પપ્પાજીનું ઝીલ્યું. એકધારી મંડી. તો અત્યારે એવી તૈયાર થઈ ગઈ. નીલાબેન, મીનાબેન, વનીબેને મને ખૂબ નિશ્ચિંત કરી છે.

બધાનું સુખમય જીવન બની જાય. આ પ્રાપ્તિ હોય નહીં. એ કેફ રાખીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે જસુબેનનો દ્રષ્ટાદિન. મહારાજ અનાદિ મુક્તોને લઈને પધારે. ઐશ્વર્યો લઈને પધારે. ગુણાતીત સમાજ સ્થાપવાનો ઉદ્દેશ હતો તે યોગીજીમહારાજે પૂરો કર્યો.

જસુબેનમાં જબરજસ્ત શ્રદ્ધા અને માહાત્મ્ય. ભગતજીની જેમ સંબંધમાં આવે તેને મહારાજનું સ્વરૂપ માને. ભૂંડો ઘાટ કરે જ નહીં. આવી દ્રષ્ટિ રાખીને જીવ્યાં. યોગીજીમહારાજ એવું કરતા. જસુબેનનું અસાધારણ માહાત્મ્યસભર જીવન. એટલે કોઈના દોષ જરીકે નજરમાં ના આવે. શ્રદ્ધાનો ધોધ. જેનું જે અંગ હોય તે પકડી રાખી સૌમાં મહારાજનો ભાવ રાખજો. એમના જેવા ગુણ આવી જશે. અહીંયા અનાદિ મુક્ત વગર કોઈ આવે નહીં. તેમ જસુબેન સૌને જીવનમુક્ત માને છે. જસુબેનમાં અસાધારણ શૂરવીરતા ને મહત્ત્વકાંક્ષા. એમાં ભગવાન મળ્યા તો સરસમાં સરસ કામ થઈ ગયું. આખા ગુણાતીત સમાજની મા બનીને રહે. મહારાજનો સંબંધ જોઈ પ્રાર્થના કરે. આખો ગુણાતીત સમાજ મનનું અમન કરી અક્ષરધામની સમાધિમાં રહેતો થઈ જાય. બધા લઈ મંડ્યા છે. બધા આનંદ અનુભવતા થઈ જાય એ જ અંતરની પ્રાર્થના.

ગુરુહરિ પપ્પાજીના આશિષ બાદ સભાનું સમાપન થયું.

## તા.૧૯.૧૧.૨૦૨૧ : સંકલ્પ સ્મૃતિદિન–દેવદિવાળીની ઉજવણી...



આજે બે ઉત્સવો ભેગા થયા. સંકલ્પ સ્મૃતિદિન અને દેવદિવાળી. આ બે અવસરની સ્મૃતિમાં સભા સંચાલિકા પૂ.બકુબેને સુંદર આયોજન કરેલું. સૌ પ્રથમ આવાહન શ્લોકથી સભાનો પ્રારંભ થયો. પુષ્પહાર ને પુષ્પગુચ્છથી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી તેમજ સ્વરૂપોને ભક્તિભાવ ધર્યા. આધ્યાત્મિક ગ્રુપ મુજબ સાધક બહેનોએ સ્વરૂપોનાં પૂજન કરી પાયલાગણ કર્યા ને ગુરુસ્વરૂપોએ પણ સૌ સાધકોના પૂજન કરી દિવ્ય બળ બક્ષ્યું. ત્યાર બાદ સ્વરૂપોના આશિષ લીધા તે માણીએ.

**પૂ.મધુબેન :** આજે સંકલ્પ સ્મૃતિદિન છે. પપ્પાજીએ ૫૧ બહેનો પર કૃપા કરીને એકાંતિકપણું સિધ્ધ કરવા માટેનો કળશ ઢોળ્યો. ભગવાન ભજવા ને ભજાવવાનો સંકલ્પ ગણેશપુરીમાં કરાવેલો ને ૧૯૬૬માં આ સ્થાનમાં લાવીને મૂકી દીધાં. ખરેખર પપ્પાજી પ્રસંગે પ્રસંગે મદદે આવ્યા છે ને બળ આપ્યુ છે. સાધના એ સાધના લાગી નથી.

પપ્પાજી હંમેશા કહેતા કે, સૌમાં કર્તાહર્તા ભગવાન છે. સૌ બ્રહ્મનિયંત્રિત વર્તે છે. તેવું માનીને વર્તવાનું પપ્પાજીએ શીખવ્યું તો પાર પડી ગયા. તો આપણે સૌ સાધનામાં જાગ્રત રહીએ. દરેક વાતમાં પપ્પાજીને ઉપાયભૂત કરીએ. બીજો આશરો ના લઈએ. તેવી પપ્પાજીને તથા આ સૌ સ્વરૂપોને પ્રાર્થના.

**પ.પૂ.શોભનાબેન :** આજે ખૂબ ભવ્ય દિવસ. પપ્પાજીએ આજના દિને ગણેશપુરીમાં સંકલ્પ કરાવેલો. તે દરેક ગૃહી કે ત્યાગી ચૈતન્યમાં પહોંચી ગયો છે. તે કાર્ય બોલે છે. ખરેખર આપણને ભવ્યાતિભવ્ય સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે. એ કેફ સદાય રાખવો જ. સુખે સુખે સાધના કરવા સિધ્ધાંતે જીવવું જ છે. બુધ્ધિનો આશરો છોડી, પ્રભુનો આશરો સદાય રાખવો. દ્રષ્ટિ પપ્પાજી તરફ રાખવી. તે સર્વોપરી, સર્વનિયંતા છે જ તેમ માનવું જ. આજે પપ્પાજીને પ્રાર્થના છે કે, આ તંત્ર ભક્તિરૂપ હોય તે જ કરી શકે ને ધ્યેય તરફ દોડતાં જ રહીએ તેવી પ્રાર્થના,

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** આપણે નસીબદાર છીએ કે,



પપ્પાજીની પ્રાપ્તિ થઈ. કોઈ વાતે કમી ના રાખી. રોજ ઉઠીને એક જ પ્રાર્થના કરવી છે કે 'હે પપ્પાજી ! તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવો.' બીજું, અખંડ મૂર્તિમાં રહેવું છે. કોઈનું જોવું નથી. સંબંધવાળામાં એકલા મહારાજ જ કામ કરે છે. તે સ્વતંત્ર વર્તી જ ના શકે તેવું માનીએ જ. પપ્પાજી આ સ્વરૂપો થકી અખંડ આપણી પાસે છે જ તેવું માનવું જ. આ સ્વરૂપો પપ્પાજીના દાસ બનીને જીવે છે. આચારસંહિતા ક્યારેય તોડી નથી. તેમને આદર્શ રાખીએ. સંભારીએ, જેથી ખૂબ બળ મળી જશે. આપણે તો પપ્પાજી અને આ સ્વરૂપો મળ્યા એટલે પૂર્ણાહુતિ. બસ આનંદ કર્યા જ કરીએ. પપ્પાજીને આજે પ્રાર્થના છે કે અમારે સૌએ વરાળ બનીને રહેવું છે તેવું જીવવાનું બળ આપજો.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** ૧૯૬૩માં ગણેશપુરીમાં ભગવાન ભજવા અને ભજાવવા તેવો સંકલ્પ કરેલો. તેનાં પરિણામ આવી ગયાં. ૫૧ બહેનો આવ્યાં. તે બધા જ ભગવાનમાં રહેતાં થઈ ગયાં ને નવાં આવે છે તેને પણ એકાંતિકપણું સિધ્ધ કરાવે તેવી સામર્થી આવી ગઈ.

અત્યારે તો સત્યુગ વર્તે છે. પંચામૃત અને ગુણાતીત જ્ઞાનના નવનીત પ્રમાણે જીવીએ. અનુપમ ૫-૬-૭ આપણા આદર્શ ગ્રંથો છે. તેનો અભ્યાસ કરી વર્તનમાં લાવી, ભાગવતીતનું કરીએ. લાખ જતા કરીને પણ આચારસંહિતા પાળવી છે. તેનાથી તન ને મન અક્ષરધામની સમાધિમાં રહેતુ થઈ જાય. તેવું સૌને જીવવાનું બળ મળે તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

## પૂ.રેખાબેન પરમારને અભિનંદન...



ગુણાતીત જ્યોત સંબંધી મુક્તરાજ પૂ.રેખાબેન એન. પરમારે વિશ્વ વિકલાંગ દિને તા.૩.૧૨.૨૧ના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના વરદ હસ્તે, શ્રેષ્ઠ કર્મચારી રાષ્ટ્રીય એવોર્ડ હાંસલ કરી ગુણાતીત જ્યોતનું ગૌરવ વધાર્યું છે.

તેઓને ૪ વર્ષની ઉંમરથી બંને પગે પોલિયો થયેલો. પ.પૂ.બેનના યોગમાં તેઓ નાનપણથી હતાં. ગુરુહરિ પપ્પાજીની દ્રષ્ટિ, કૃપા અને પ.પૂ.બેનના આશીર્વાદથી તેઓ તકલીફોમાં પણ પોઝીટીવ રહ્યાં અને ખૂબ જ ખંત, ઉત્સાહથી જીવનમાં સંઘર્ષ વેઠી, બી.કોમ સુધી ભણ્યાં ને ગવર્મેન્ટ નોકરી મેળવી આત્મનિર્ભર બન્યાં. અત્યારે પણ નાના મોટા પ્રસંગોમાં તેઓ પૂ.રમીબેનનું માર્ગદર્શન મેળવી પોતાનાં કાર્યો કરે છે.

૧૯૮૧થી અપંગો માટેની, અપંગોથી ચાલતી, 'સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ્ડ' ગુજરાત અમદાવાદના સભ્ય બન્યાં. નોકરી તથા ઘરની જવાબદારી સિવાયના સમયે ત્યાં અપંગોમાં ઉત્સાહ ને ખંતથી જીવન જીવવાની રીત શીખવવા પ્રેરણાદાયી સેવા કરી રહ્યા છે.

રાજ્ય ને રાષ્ટ્રીય કક્ષાની વિકલાંગોની રમતમાં અત્યાર સુધી તેમને ૩૧ ગોલ્ડ, ૨૬ સિલ્વર ને ૬ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા છે. ૨૦૧૧માં યોજાયેલ ઓલમ્પિક મહાકુંભ ગુજરાતમાં જિલ્લા અને રાજ્ય કક્ષાની રમતોમાં 'વુમન ચેમ્પિયનશીપ ટ્રોફી' માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પ્રાપ્ત કરેલ છે.

રાજ્યકક્ષાએ ૬-૭ વખત શ્રેષ્ઠ કર્મચારીના એવોર્ડ મેળવ્યા છે ને હાલ રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ પ્રાપ્ત કરી ગુણાતીત જ્યોતનું ગૌરવ વધાર્યું છે તો તેવા રેખાબેને ગુણાતીત જ્યોત તરફથી અનંત અભિનંદન.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ **અમદાવાદ મંડળના પૂ.ઈન્દુબેન પ્રેમશંકરભાઈ અધ્વર્યુ તા.૨૦.૧૧.૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**



ઈન્દુબેન એટલે અમદાવાદના ગોમતીપુર વિસ્તારના ચૈતન્ય માધ્યમ. પ.પૂ. જયોતિબેનના અનન્ય શિષ્ય, જૂના જોગી. અમદાવાદમાં જ્યોતની સ્થાપના થઈ તે પહેલાં બે-ત્રણ કુટુંબ જ પપ્પાજીને પ્રત્યક્ષ માનતા અને એમાંના એક એટલે ઈન્દુબેન. જોગીબાપા તેઓના ઘરે ઘણીવાર પધરામણી કરતા. યોગીબાપાએ તેઓને પપ્પાજીનો યોગ આપ્યો તે થકી જ્યોતના બહેનોનો સમાગમ થયો. સત્સંગની શરૂઆતથી સભા તેઓના ઘરે દર અઠવાડિયે થતી. ગોમતીપુરનું નામ આવે ત્યારે અચૂક ગુરુહરિ પપ્પાજી અને જ્યોતના સૌ સ્વરૂપો તેમને યાદ કરે. મૃદુભાષી, નમ્ર, રાંક, નિષ્ઠાવાન, સેવાભાવી એવાં ઈન્દુબેને ઈન્દુબા અને ભક્તોની નિસ્વાર્થભાવે સેવા કરીને ખૂબ મૂર્તિ લૂંટી છે. પૂ.ભટ્ટસાહેબ અને પૂ.મધુબાના તેઓ વિશ્વાસુ અને લાડીલા. તેમની બધી જ આજ્ઞા પાળતાં. તેમને પોતાને પપ્પાજીમાં ખૂબ જ વિશ્વાસ. તો ઘણા ભક્તોને પ્રત્યક્ષની ભક્તિમાં જોડ્યાં. જ્યોતના સાધક બહેનો બાપુનગર રહી પી.ટી.સી.નો અભ્યાસ કરતા હતાં ત્યારે પણ આ પરિવારે ખૂબ સેવા કરી પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. એવા ઈન્દુબેનને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ.

તેઓના સંતાનોને પણ ભગવાન સ્વામિનારાયણ અને ગુરુહરિ પપ્પાજીના માહાત્મ્ય અને સત્સંગનો વારસો આપ્યો છે. તે સૌ ખૂબ જ સંપથી જીવન જીવી રહ્યાં છે. ભક્તિ કરી રહ્યાં છે. તે સૌ કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી સ્વામિશ્રીજી અને ગુરુહરિ પપ્પાજી મહારાજને પ્રાર્થના.

★ **બોરીવલીના પૂ.રમાબેન ઉદાણી તા.૨૭.૧૧.૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**




પૂ.રમાબેનને તેમના બેન પૂ.વસંતબેન સંઘવી થકી સત્સંગનો જોગ થયો. ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ. દેવીબેનની દ્રઢ નિષ્ઠા થઈ. ઘરના સંજોગો સાનુકૂળ ન હતા છતા પણ સ્વામિનારાયણ મંત્રનો જ ઉપાય લઈ સત્સંગ જાળવી રાખ્યો. જે કંઈ થઈ રહ્યું છે તે ગુરુહરિ ને ગુરુ કરી રહ્યા છે ને સારા માટે જ હશે તે સત્ય જીવનમાં મુખ્ય રાખ્યું.

તેમની એકની એક દીકરી કનકબેનને ભગવાન ભજવા હતા. તેને પણ ભજન કરીને ખૂબ સાથ આપ્યો ને ગુરુહરિ પપ્પાજી અને ગુરુ પ.પૂ.દેવીબેનની નિશ્રામાં ભગવાન ભજવા મોકલી. કુટુંબમાં સર્વને સત્સંગનો વારસો આપ્યો. તે સૌને સ્વામી શ્રીજી અને ગુરુહરિ પપ્પાજી ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

## બ્રહ્મલીન

★ **યુ.કે. લંડન નિવાસી - ગુરુહરિ પપ્પાજીના અનન્ય નિષ્ઠાવાન સમર્પિત ગૃહસ્થ મુક્તરાજ પૂ.હરિશભાઈ સાકરિયા તા. ૪.૧૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.હરિશભાઈ પૂર્વના અક્ષરમુક્ત જ હતા. ઈસ્ટ આફ્રિકાના નિષ્ઠાવાન અ.મુ.દિવાળીબા અને અ.મુ.વલ્લભદાસના ઘરે જન્મ પામી સત્સંગના સંસ્કાર અને વારસો ગળથૂથીમાં જ મળી ગયો. આખું કુટુંબ અક્ષરધામનું જ. દિવ્ય શાંતાબેન પોપટની દ્રષ્ટિમાં આવી ગયા અને અસાધારણ ભક્તિ અને સેવામાં બાળપણથી જ પરોવાઈ ગયા.



સેવા એમના જીવનનું વ્યસન બની ગયું અને દિવ્ય બેનની આજ્ઞા અને પ્રસન્નતા એમના જીવનનું ધ્યેય બની ગયું.

શ્રીજી મહારાજના સંકલ્પ અનુસાર આફ્રિકાથી ઈંગ્લેન્ડ આવી ગયા. પ.પૂ.બેનના

સંકલ્પ, ભજન, જતનથી ગુરુહરિ પપ્પાજી જીવમાં દ્રષ્ટારૂપે બિરાજી ગયા અને ૧૯૭૩માં સત્સંગી દીકરી પૂ.કલાબેન ભોજાણી સાથે પ્રભુતામાં પગલાં માંડ્યા. ત્યારથી બેઉ સત્સંગની સેવામાં હોમાઈ ગયાં.

પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજીનું યુગકાર્ય – પરદેશની ભૂમિ લંડનમાં શ્રી ગુણાતીત જ્યોતની શાખા સ્થાપવાના ભવ્ય કાર્યમાં સ્વયં પોતે અને પૂ.કલાબેને ધન, ધામ, ઘર સર્વેની ગુરુહરિ પપ્પાજીના શ્રીચરણે આહુતિ આપી અનન્ય ભક્તિ કરી લીધી. ગુણાતીત જ્યોતના ઉત્થાનના ઈતિહાસમાં તેઓનું નામ સુવર્ણ અક્ષરે જડાઈ ગયું છે !

ગુણાતીત જ્યોત ને ગુણાતીત સમાજના આત્મીય, સેવક, દાસ બનીને સરળતાથી પ્રત્યેક પળે માહાત્મ્યેયુક્ત સેવા કરી લઈ, પ્રભુ પપ્પાજીની આંતરિક પ્રસન્નતા પ્રાપ્ત કરીને એકાંતિક ધર્મ સિદ્ધ કરી લીધો.

લંડન જ્યોતનાં બહેનોની સેવા પપ્પાજીની રુચિ પ્રમાણે કરી, સિદ્ધાંતે જીવી રાજીપો પ્રાપ્ત કર્યો. લંડન સમાજના મુક્તો સાથે પણ અંતરથી રસબસ થઈ, ગુરુહરિ પપ્પાજીનો અને જ્યોતનો મહિમા સમજાવ્યો. પોતે સેવા કરી ને સંબંધવાળાને પણ એવું ઉત્તમ સિંચન આપી જતન કર્યું.

પપ્પાજીની ગાડીના અંગત સારથી અને ભક્ત સેવક બની 'સેવક હાજર છે ! લાવો સેવા' એવી જીવનશૈલી રાખીને પળેપળ જીવ્યા. ગુણાતીત જ્યોતના સર્વ સંત બહેનોના વડીલ ભાઈ બનીને વિધવિધ પ્રકારની, નાનામાં નાની સેવાઓ કરીને પપ્પાજી, બેન, દીદીને અઢળક રાજી કર્યા છે. અને પોતાના સમગ્ર ઈન્દ્રિયો, અંતઃકરણને પૂર્ણ શુદ્ધ કરીને તેઓ છતીદેહે અક્ષરધામનું સુખ ભોગવતા રહ્યા.

છેલ્લા ત્રણ-ચાર વર્ષથી દેહાતીત અવસ્થામાં જીવન જીવી અનેક પ્રકારની બીમારીઓમાં પણ હસતા જ રહ્યા. કોઈ અપેક્ષા કે ફરિયાદ વિના સ્થિતપ્રજ્ઞ રહી, આનંદથી ભક્તિમય જીવી, સાધુતાભર્યું ગુણાતીત અવસ્થાનું દર્શન કરાવી સૌ ભક્તોને પ્રેરણા આપી.

તેમનાં બે બહેનો પૂ.ભાનુબેન દત્તાણી અને કુટુંબીજનો, પૂ.લીલાબેન લાખાણી અને કુટુંબીજનો ગૃહસ્થમાર્ગે ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેનની દ્રઢ નિષ્ઠાએ જીવી ભક્તિ કરી રહ્યાં છે અને પૂ.નીમુબેન, પૂ.પમીબેન ગુણાતીત જ્યોતમાં અને પૂ.હિંમતસ્વામી અનુપમ મિશનમાં સાધુતાના માર્ગે આદર્શ જીવન જીવી રહ્યા છે અને અનેકને પ્રભુ માર્ગે આગળ વધારી રહ્યા છે. તેમ હરિશભાઈએ ગૃહસ્થ માર્ગે એક સાધુનો આદર્શ પૂરો પાડ્યો છે.

ગુરુહરિ પપ્પાજીએ ૪થી ડિસેમ્બર ૧૯૮૨માં 'ચિદાકાશ દિન'ની શરૂઆત કરી હતી. તે પુનિત મંગલદિને પૃથ્વી પરથી વિદાય લઈ, સાકાર દેહથી આત્મા નોખો કરીને પરમાત્મસ્વરૂપ પપ્પાજીમાં સમાઈ ગયા. એવા આદર્શ ગૃહસ્થ સાધુ હરિશભાઈને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ.

એમની વિદાયથી ગુણાતીત સમાજના સર્વે મુક્તોને ખોટ લાગે જ પણ એમનો આદર્શ રાખીને જીવન જીવવાનો આપણે સૌ સંકલ્પ કરીએ.

હે હરિશભાઈ ! આપ જ્યાં પ્રગટ થયા હો ત્યાંથી અમ સૌ પર આશીર્વાદ વરસાવજો. અમ સૌમાં પ્રત્યક્ષની નિષ્ઠા દ્રઢ કરાવજો. દાસભાવે ગરજુ થઈને સેવા અને આત્મીયભાવે સૌ અક્ષરમુક્તો સંગે સુહૃદ ભક્તિ કરવાની પ્રેરણા અને સદ્‌બુદ્ધિ આપજો.

પૂ.કલાબેન પપ્પાજી, દીદીજીનું સાંનિધ્ય અંતરમાં અનુભવે છે તેવું નિરંતર અનુભવતા રહે તેવી અમ સૌની પ્રાર્થના છે.

★ યુ.કે.માં લંડન જ્યોતના બહેનોએ તા.૫, ૬, ૭ ડિસેમ્બરના 'આતમ આરોગ્યનું ઔષધ' પુસ્તકોમાંથી ઓનલાઈન પારાયણ કર્યું. હરિશભાઈના મહિમા અને કાર્ય વિશે મુક્તોએ લાભ આપ્યો. તા.૧૧મીએ પ્રાર્થનાસભામાં શ્રદ્ધાસુમન અર્પ્યાં.

★ તા.૧૪.૧૨.૨૦૨૧ના ગુણાતીત જ્યોત – વિદ્યાનગરમાં પ.પૂ.દીદી, પ.પૂ.જસુબેનના સાંનિધ્યે ઓનલાઈન મહાપૂજાનું આયોજન થયું.

સભાનું સંચાલન કરતાં પૂ.સ્મૃતિબેન દવેએ હરિશભાઈનું મહિમાદર્શન કરાવ્યું કે, ગુરુહરિ પપ્પાજીના યુગકાર્યમાં ને તેમના અભિપ્રાયની ભક્તિ કરીને, દાસત્વભાવે, સ્વધર્મેયુક્ત નિર્દોષબુદ્ધિ રાખીને જીવન



જીવ્યા છે. એવા હરિશભાઈ પૂર્વના અનાદિ મુક્તરાજ. જેઓએ બેન અને દીદીના સંકલ્પ અને જતનથી ગુરુહરિ પપ્પાજી મહારાજ સિવાય આત્મામાં કંઈ જ રાખ્યું નથી ને છેલ્લા શ્વાસ સુધી આવું જીવન જીવીને પપ્પાજીના ચરણોમાં બિરાજમાન થયા એવા હરિશભાઈને અમારા અંતરથી પ્રણામ છે. એ મહિમા પુષ્પ અર્પણ કર્યા બાદ મહાપૂજાનો પ્રારંભ થયો.

મહાપૂજામાં પૂ.હરિશભાઈનો સમાગમ અને માહાત્મ્યેયુક્ત સેવા કરી છે તેવા પૂ.સોનલબેન, હેમંતભાઈ મોદી – અમદાવાદ અને પૂ.અશ્વિનીબેન, પ્રીતભાઈ શાહ – હાલોલ આ મહાપૂજામાં યજમાન પદે હતા. પૂ.ઈલેશભાઈએ વિધિસર મહાપૂજા ભક્તિભાવે કરાવી. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી અને સ્વરૂપોના પૂજન થયા. થાળ, આરતી, સંકલ્પ અને ધૂન દ્વારા



પ્રાર્થનાભાવ અર્પ્યા. ભાઈઓમાં પૂ.ઈલેશભાઈ, પૂ.અતુલભાઈ શાહ, પૂ.મહેન્દ્રભાઈ શાહ અને બહેનોમાં પૂ.સોનલભાભી, પૂ.સ્મિતાભાભી, પૂ.હીનાભાભીએ



આરતી કરી. ત્યારબાદ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા તેનો સાર માણીએ.

પૂ.શોભનાબેન : હરિશભાઈ જન્મ્યા ત્યારથી શ્રીજી મહારાજના વારસાદાર સ્વરૂપોનો સંબંધ પામતા પામતા જ આવ્યા. વલ્લભકાકા અને દિવાળીબાના કુટુંબ પર જ્યાં બેનની દ્રષ્ટિ પડી ત્યારથી બા–બાપુજીએ બેનના વચન પ્રમાણે ભક્તિ કરીને સત્સંગમાં હોમાઈ ગયાં ને બધા સંતાનો પણ બેન અને સત્સંગને મુખ્ય રાખીને જીવતા હતા. બેને સંબંધમાં આવેલનું ખૂબ જતન કર્યું છે. હરિશભાઈને પણ બેન સાથે ખૂબ આત્મીયતા હતી, વિશ્વાસ હતો. તો બેને જે કંઈ વચન આપ્યા તે પ્રમાણે પોતે જીવ્યા. સર્વે પ્રકારે સેવામાં હાજર. ૧૯૭૩થી જોઉં છું. એકધારી અભિપ્રાયની ભક્તિ કરવામાં પોતાના દેહની કે નોકરીની કે બીજા ત્રીજાની પરવા કર્યા વિના યા હોમ કર્યું એ હરિશભાઈ. પપ્પાજીએ સ્વરૂપોએ જે જે વચન આપ્યાં, બહેનોએ

સૂચન કર્યા તે મહિમાથી પાળ્યા છે. ભીડો તો દેહનો, મનનો, ધનનો ખૂબ આવ્યો છે. તેમાં નથી ભજન છોડ્યું, નથી પપ્પાજીનો સિદ્ધાંત ચૂક્યા તો નથી સેવા છોડી. આમ દાસત્વભક્તિથી વર્ત્યા તો પપ્પાજી, સ્વરૂપોની પ્રસન્નતા વણકહી તેમના પર વહ્યા જ કરતી. એ હરિશભાઈ અને કલાબેન ગૃહસ્થમાર્ગે પરમ ભાગવત સંત છે છે ને છે. જ્યાં જ્યાં બહેનો સાથે રહેવા જવાનું થયું ત્યાં મહિમાથી બહેનોની સેવા કરી છે. દીદીએ પણ જે વચન આપ્યાં તે પ્રમાણે વર્ત્યા છે. ત્યારે સમજાય છે કે ગૃહસ્થ માર્ગે પણ કેવું આદર્શ જીવે છે. લંડનમાં યુવાન ભાઈઓને હરિશભાઈ સાથે ખૂબ આત્મીયતા.

આવા જીવનમુક્તને સંભારતા હૈયું ભરાઈ આવે છે. હરિશભાઈ તમે આટલા જલદી જતા રહ્યા! પણ હરિશભાઈ ઘણું આપીને ગયા છે તે આપણે પચાવીએ એ જ પપ્પાજી, સ્વરૂપોના ચરણોમાં અંતરની પ્રાર્થના.

**પૂ.નીમુબેન સાકરિયા :** હરિશભાઈના જીવનમાં પપ્પાજી પ્રત્યેની યથાર્થ સ્વરૂપનિષ્ઠા હતી. સેવા એ એમનું જીવન હતું. ને તે સેવાના ફળસ્વરૂપે સુખને પામ્યા. પપ્પાજીનું બ્રહ્મસૂત્ર સ્પીક લેસ, વર્ક મોર, લેટ યોર રીઝલ્ટ્સ સ્પીક ફોર યુ' એ એમણે જીવનમાં સાકાર કર્યું. પોતે એવું જીવ્યા ને તેમના સંબંધમાં જે જે મુક્તો, ગૃહસ્થો આવ્યા એમને શિખામણ આપ્યા વગર વર્તનથી ઉગાડ્યું છે. જ્યોત માટે હરિશભાઈએ પોતાના તન, મન, ધન, આત્મા પરોવીને સેવા કરી છે તે જોઈને યુવાનોને તેવું જીવન જીવવાનું ઉદય થયું છે. હરિશભાઈએ કર્યું તેવું અમારે કરવું છે. હરિશભાઈએ માહાત્મ્યેયુક્ત સેવા કરી તો પપ્પાજી, બેન, દીદી તે બધા સ્વરૂપો રાજી થઈ ગયા. ને આ પ્રસન્નતાના ફળસ્વરૂપે પોતાની બીમારીને પ્રભુનો પ્રસાદ માનીને જીવી શક્યા. પ્રસંગોમાં મોં ઝાંખું પડ્યું નથી. કોઈ અપેક્ષા રાખી નથી. આદર્શ ગૃહસ્થ બનીને તેમણે ઉત્તમ જીવનનો આદર્શ પૂરો પાડ્યો છે. બહેનોની રુચિમાં પણ પપ્પાજીને આગળ રાખીને ભળ્યા ને તેમની સેવા કરી છે. તો એમની જેમ પપ્પાજીને કર્તાહર્તા માનીને જીવાય ને યથાર્થ સ્વરૂપનિષ્ઠા રહે એ જ પ્રાર્થના.

**પૂ.હેમંતભાઈ મોદી :** હરિશભાઈ માટે એક શબ્દ કહીએ તો ઝીંદાદિલ પુરુષ. જીવનને એમણે માણ્યું અને



ભક્તિથી પોતાના કાર્યને દીપાવ્યું. પોતે બાહોશ, શૂરવીર અને પરાક્રમી. શૂરવીર ના હોત તો પોતાના નાના ઘરમાં ગુણાતીત જ્યોતની શાખા સ્થાપવાનું વચન ન આપી શક્યા હોત. વિઝન નહોતું પણ ભક્તિ હતી તો આ શક્ય બન્યું. જીવનમાં કોઈ અપેક્ષા નહીં. કોઈ પ્રકારનો દેખાડો નહીં. છૂપા રહીને બહેનોની સેવા કેવી રીતે કરવી તેવું યુવકોમાં પપ્પાજીના કાર્યનું સાચુ માહાત્મ્ય રેડ્યું. ચોવીસ કલાક પપ્પાજીનું અખંડ ચિંતવન હતું તો જ આ સ્વરૂપોનું, બહેનોનું અસાધારણ માહાત્મ્ય તેમનામાં જીવનપર્યંત રહ્યું. સેવાની બાબતે કશું જ ગણ્યું નથી.

પોતાનું ઘર આપી દીધા બાદ પોતાનું ઘર ક્યારેય કર્યું જ નહીં. જ્યાં બહેનો રહ્યાં ત્યાં પોતે કેર ટેકર તરીકે રહ્યા. પપ્પાજીની આજ્ઞાએ મુંબઈમાં ઘર લીધું પણ પોતા માટે તો નહીં જ. કલાબેનનું પણ એટલું જ સમર્પણ છે. હે પપ્પાજી ! કલાબેનની તબિયત સારી રાખજો. હે દીદી ! કલાબેનને તમારી સમીપ રાખજો.

ગુરુહરિ પપ્પાજી, દીદી અને સ્વરૂપોને પ્રાર્થના કે હરિશભાઈની જેમ સ્વનું આંતરિક જાણપણું કદી ન આવે. ગુરુહરિ પપ્પાજીનું અખંડ ચિંતવન થાય એવું મારું જીવન કરી આપજો.

**પૂ.પ્રીતભાઈ શાહ - હાલોલ :** દીદીની કૃપાથી હરિશભાઈની ઓળખાણ મુંબઈમાં થઈ. તેમની સાથે મૈત્રી થઈ ગઈ. હરિશભાઈ એક છૂપા સેવક. તેમણે શીખવ્યું કે યુવાન છો તો સેવા કરો. દીદી સામાન્ય

નથી, તેમની માહાત્મ્યથી સેવા કરવાની. એવું સિંચન આપ્યું છે. હરિશભાઈએ મને ક્યારેય શિખામણ આપી નથી. પણ વર્તનથી શીખવ્યું છે. તેમને સ્વરૂપોનું ખૂબ માહાત્મ્ય હતું. મારા માટે તે મિત્ર, માર્ગદર્શક કે દાદા જે કહો તે હતા. તો આજના દિવસે પ્રાર્થના કરું છું કે, આપ આદર્શ ભક્તરત્નોમાં ગણાયા તેમ હું પણ બહેનોની, જ્યોતની સેવા કરીને તમારા જેવું આદર્શ જીવન જીવું. તે રસ્તે ચાલુ તેવા આશીર્વાદ મારા પર વરસાવજો.



**આશીર્દાન પ.પૂ.દીદી :** હરિશભાઈનું નામ કેટલું સરસ છે. હરિશ એટલે ભગવાન. ખરેખર તો આપણું ૧૯૬૬માં પાર્ટીશન થયું ત્યારે સંસ્થામાંથી દેશ-પરદેશ પત્રો ગયેલા ત્યારે તેમાં પૂછેલું કે તમે ક્યાંના રહેશો ? ત્યારે બેનના આખા મંડળે પપ્પાજી, કાકાજી, બા, બેનના મંડળમાં રહીશું તેવી સહી કરેલી, એમાંના વલ્લભભાઈ સાકરિયા. તેમના આખા કુટુંબમાં આ સત્સંગનો વારસો આવ્યો. બધા જ ભગવાનના એકાંતિક ભક્તો. ઈંગ્લેન્ડનો આખો સમાજ છે એ પ્રતાપ બેનનો છે.

૧૯૭૩માં મારે લંડન જવાનું થયું ત્યારે કલાબેનની ઓળખાણ થઈ. બેનની કૃપાથી કલાબેન સાથે હરિશભાઈના લગ્ન થયા. ૧૯૭૫માં ઈન્ડિયા આવ્યા ત્યારે પપ્પાજીએ હરિશભાઈને પૂછ્યું કે મારે લંડનમાં જ્યોત કરવી છે તો હું ક્યાં કરું ? હરિશભાઈ કહે, 'પપ્પાજી આપણા ઘરે કરજો.' ત્યારે હરિશભાઈ તો ભાડાના ઘરમાં રહેતા હતા. છતાં ભાવના કેટલી ઊંચી કે બસ સમર્પણ જ કરવું છે.

આવી રીતે કલાબેનને પપ્પાજીએ પૂછ્યું તો કલાનો પણ આવો જ જવાબ હતો. ભાડાના ઘરવાળાએ પોતાના ઘરમાં જ્યોત કરવાનું કહ્યું તો ભગવાનની ફરજ થઈ ગઈ કે, એને પોતાનું ઘર થાય. ને ખરેખર એમનું ઘર સડબરીમાં થયું. ને તેના ઘરે પપ્પાજીએ ૧૯૮૦માં જ્યોત ખોલી એ આ હરિશભાઈ ને કલાબેન. આપણે હરિશભાઈનું જીવન જોયું, જાણ્યું છે. બસ સેવા સેવા ને સેવા. જ્યારથી જ્યોતને ઘર આપ્યું ત્યારથી કલાને હરિશભાઈના મનમાં એવું હતું કે હવે બહેનોનું ધ્યાન રાખવાની જવાબદારી આપણી કહેવાય. પછી ડેન્હામ લીધું. કેર ટેકરનું ઘર હતું તેમાં હરિશભાઈ રહેતાં. પપ્પાજી ઈંગ્લેન્ડ જાય ત્યારે આ ઘરમાં રહેતા. પપ્પાજીએ હરિશભાઈને કહ્યું કે, હરિશ, તારે બહેનોનું ધ્યાન રાખવાનું છે. એ હરિશભાઈએ પોતાનું ઘર ના કર્યું. કેર ટેકર તરીકે જ બહેનોની પડખે છેલ્લે સુધી રહ્યા.

એકવાર પપ્પાજીએ હરિશભાઈને કહ્યું કે તું મુંબઈમાં એક ફ્લેટ લઈ લે ને ! કોઈ પ્રશ્ન કર્યા વિના કહ્યું કે હા પપ્પાજી. ને કાંદિવલીમાં એક ફ્લેટ લઈ લીધો. કુસુમબેન રમુભાઈ માવાણીએ કાલે મને વાત કરી કે, હરિશભાઈ અને કલાબેન અમને મળ્યા ને પપ્પાજીની નજીક લાવ્યા. પપ્પાજીનો લાભ તેમના ફ્લેટને કારણે મળ્યો છે. અંગત સેવા મળી. કુસુમબેન, રમુભાઈએ પણ પોતાનું માનીને આ ફ્લેટ સાચવ્યો ને પપ્પાજીની ખૂબ મહિમાથી સેવા કરી છે.

અહીંયા વિદ્યાનગરમાં પણ નજીકમાં તેમનો ફ્લેટ છે. ગયા વર્ષે હરિશભાઈનો જન્મદિન ૮મી જુલાઈના હતો. ત્યારે છેલ્લા તેમને પપ્પાજી તીર્થ પર દર્શન કરેલા. હરિશભાઈને પોતાપણું હતું જ નહીં. ૨૦૦૦ની સાલમાં પંચગીનીમાં પપ્પાજીએ કહેલું કે મારું સૌથી વધુ ચિંતવન હરિશ કરે છે. એ પપ્પાજીનું તેમના જીવમાં કેવું સ્થાન હશે તેનો ખ્યાલ આપે છે. બસ આપણેય આપણાપણું મૂકી દેવું છે. મૂકવાની તૈયારી રાખીશું તો બધું પોઝીટીવ દેખાશે. હરિશભાઈની જેમ

સાચા ભક્ત બની ભગવાનનું અખંડ સુખ લઈએ તેવી પપ્પાજી કૃપા કરજો. બસ અમે પાસ થઈ જઈએ. જય સ્વામિનારાયણ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજ મુને ટાણું મળ્યું તારા ગુણલા ગાવા રે... તે ભજન સમજાવતાં પપ્પાજીએ વાત કરી કે જે તે પ્રકારે સંબંધમાં આવ્યું તેને સત્સંગમાં જન્મ આપવાનું તે મહારાજનું કામ. આ હરિશ અને કલાને ગુણાતીત જ્યોતમાં કેમ બોલાવું છું ? કે એને સૌથી પહેલાં કોઈપણ પ્રકારની અપેક્ષા વગર પોતાનું સડબરીનું ઘર આપી જ્યોત ત્યાં શરૂ કરાવી એવું સમર્પણ હરિશ, કલાએ કર્યું. આ બહેનોના મોટાભાઈ છે. આત્મીયતાથી વર્તે છે. તૈયારી જસુબેન જયંતીભાઈ જેવી બતાવી કે હું ભાઈઓ જોડે મિશનમાં રહીશ ને કલા બહેનો સાથે રહેશે. પછી સાહેબ અને અમે બટુક - રમાને ત્યાં ગોઠવ્યું. પછી મિશનમાં બંગલામાં રહેવા આવ્યા. જ્યારે ઈંગ્લેન્ડ આવું ત્યારે હું તેને ત્યાં રહું. એવા આ હરિશ ને કલા. આવા સમર્પિત ગૃહસ્થો બાપાએ પકવ્યા.

તો નિરંતર અક્ષરધામની સમાધિમાં હરિશ ને કલા રહેતાં થઈ જાય ને સહજ જ ધામરૂપ રહેતાં થઈ જાય ને પ્રકૃત્તિ પુરુષ સુધી લાફ આઉટ કરી સ્મિતથી જવાબ આપે તેવી કૃપા મહારાજ, બા, બેન કરે તે જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

આવા આદર્શ ગૃહસ્થ સાધુ સ્વરૂપ પૂ.હરિશભાઈને અમ સૌના અનંત વંદન છે.

**★ મુંબઈ - માટુંગા મંડળના અનન્ય ભક્ત એવા પૂ.હેમલત્તાબેન મનુભાઈ ઝવેરીના મોટા પુત્ર પૂ.હસમુખભાઈ તા.૧૨.૧૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.દીદીની નિષ્ઠાને હૃદયમાં ધારી માતા-પિતાએ સત્સંગ અર્થે જીવન જીવી પુત્ર હસમુખભાઈ અને પુત્રવધુ આશાભાભીના જીવમાં સત્સંગના બીજ રોપ્યાં. હસમુખભાઈ બીમારીમાં પણ ભક્તોની સ્મૃતિ કરતા કરતા પ્રભુ ચરણે બિરાજી ગયા. એમના આત્માને શાંતિ મળે ને કુટુંબીજનોને પ્રભુ બળ આપે એ જ પ્રાર્થના.

## બ્રહ્મલીન

**★ ગુણાતીત જ્યોતના વ્રતધારી સંત સ્વરૂપ પૂ.હીરાબેન સ્વામિનારાયણ તા.૧૪.૧૨.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**



પૂ.હીરાબેનના ઘરમાં વડદાદાઓના સમયથી જ સ્વામિનારાયણ ધર્મ હતો જ એટલે ધર્મ, ભક્તિના સંસ્કાર જીવમાં હતાં જ. નિત્ય પ્રત્યે અમદાવાદ કાળુપુર સ્વામિનારાયણ મંદિરમાં જતાં. સેવા, પૂજા કરીને હૈયામાં હર્ષ અનુભવતા. એ જ અરસામાં હીરાબેનને સ્વપ્નમાં જોગીબાપા અને મોટા સ્વામીનાં દર્શન થયાં. જોગીબાપાએ પૂછ્યું, 'ગુણાતીત થવું છે ને ?' મુમુક્ષુ જીવ હતો તેથી હા પાડી દીધી.

હીરાબેન અમદાવાદમાં ચંદનબેન શાહને ત્યાં (પ.પૂ. જસુબેનના નણંદ) તેમની દીકરીનું ટયુશન કરવા જતાં હતાં. તેમની સાથે એક દિવસ વાત કરતાં હીરાબેને કહ્યું કે, 'હું યોગીબાપાને માનું છું ને કુંવારા રહેવું છે.' બહેનો ભગવાન ભજે છે તેવી તેમને ખબર ન હતી. ચંદનબેન કહે, 'થોડીવાર રોકાઈ જાવ. મારા ભાઈ-ભાભી આવે છે.' ત્યાં જસુબેન આવ્યાં. તેમને મળ્યાં. તેમની દ્રષ્ટિ પડી ને તેમણે કાકાજીનો જોગ કરાવ્યો. આમ ગુણાતીત સ્વરૂપ થકી પ્રત્યક્ષના જોગમાં આવ્યાં.

૧૯૬૨માં શાહીબાગ મૂર્તિ પ્રતિષ્ઠા હતી તેમાં પૂ.જ્યોતિબેન, પૂ.તારાબેન, પૂ.હંસાબેન, પૂ.દેવીબેન પધાર્યા હતાં. ત્યારે પપ્પાજીએ હંસાબેનને કહ્યું હતું કે, 'મધુ સાથે સંબંધ બાંધીને આવજે. કુસુમને લગની લગાડજે ને હીરાને પણ ભગવાન ભજાવવાના છે. એનું ધ્યાન રાખજે.' કેવા ચૈતન્યદર્શી ગુરુહરિ પપ્પાજી ! હીરાબેન કોઈને ઓળખે નહીં. તેઓ પાણીનો ઘડો લઈને પસાર થયા ને તારાબેનના મુખમાંથી સરી પડ્યું કે, 'આજ કે પેલી હીરા ?' તારાબેનની દ્રષ્ટિ પડી ગઈ. ને તારદેવ જવા માંડ્યા. હીરાબેન કાશીબા સાથે

સમૈયામાં ગોંડલ જતાં. ત્યાં ખૂબ સેવાનો લાભ મળતો. જોગીબાપાની રસોઈની સેવાનો લાભ પણ લીધેલો. એકવાર સમૈયો કરીને કાશીબા મણીબેન પટેલના ઘરે આણંદ આવ્યા. ત્યાંથી નડિયાદ જતાં હીરાબેનને કહે, 'તું અહીં બે દિવસ રોકાઈ જજે.' ને હીરાબેન રોકાયા.

એ અરસામાં પપ્પાજી કોઈના લગ્ન નિમિત્તે ગુજરાતમાં આવ્યા હતા. તે મહેળાવ થઈને આણંદ મણીકાકાના ઘરે બપોરના સમયે આવ્યા. હીરાબેન સેવા કરતા હતાં. પપ્પાજીને ઓળખે નહીં તેથી મણીબેનને બૂમ પાડીને કહે, 'કોઈ ભાઈ આવ્યા છે.' મણીબેન બહાર આવ્યા ને કહે, 'આ તો બાબુભાઈ છે.' પપ્પાજીએ હીંચકા પર બેસીને ગોષ્ટિ કરી ને હીરાબેનને કહે, 'મેં જે વાત કરી તે બોલી જા.' હીરાબેન બધી જ વાત બોલી ગયા ને પપ્પાજીની દ્રષ્ટિ પડી ગઈ.

પછી તો અમદાવાદમાં મધુબેન ભટ્ટના ઘરે સેવા કરી તેમની હાશ લઈ લીધી. ને ૧૯૬૬માં પ્રથમ ૫૧ બહેનોમાં કાષાંબરી દીક્ષા લીધી. ને તારાબેન તો ગુરુપદે સ્વીકારાઈ જ ગયાં હતાં.

હીરાબેને જ્યોતમાં રસોડાની સેવા એકધારી ૪૦ વર્ષ સુધી કરી, ને માસીબાનો રાજીપો લઈ લીધો. પપ્પાજી રસોડામાં જઈને તેમનો ભાવ ગ્રહણ કરતા. તેમણે લાઈબ્રેરીનો કોર્સ કર્યો હતો. તે સેવા પણ કરતાં. તેમના અક્ષર સુંદર હતાં તેથી પત્ર લેખનની સેવા કરી છે. પ્રકાશનમાં પ્રવચન લખવાની સેવા કરી છે.

અમદાવાદ, સુરત, સાંકરદા જેવા સેન્ટર પર જવાબદારીપૂર્વક રહ્યાં ને સેવા કરી. ત્યાં સૌ ભક્તોને પ્રભુનો મહિમા ગાઈ પપ્પાજી અને ગુરુસ્વરૂપોને રાજી કરી લીધા. નાનામાં નાના મુક્તને મોટા માનવાનો સહજ ગુણ તેમનામાં હતો. 'હું કાંઈ નથી.' એમ જીવ્યાં. સેવામાં જ પરમપદ માની. જે પળે જે સેવા મળી તે અહોહોભાવે મહિમાથી કરી છે. તેઓને સર્વમાંથી ગુણ લેવાની ગુણગ્રાહી દ્રષ્ટિ હતી.

છેલ્લા થોડા વર્ષોથી તનમાં બીમારી હોવાથી મહાપૂજાની સેવા દ્વારા સાધકો ને ભક્તો સાધનામાં સુખે સુખે સ્થિતિ કરે તેવી પ્રાર્થના દ્વારા ભક્તિ કરતાં. મનન-ચિંતનની ટેવ હોવાથી તેમની પાસે અઢળક સ્મૃતિનો ખજાનો હતો. તે વાગોળતાં ને સામાને પણ સ્મૃતિમાં રાખતા. સ્વાધ્યાય પણ નિયમિત કરતાં.

જીવનના છેલ્લા શ્વાસ સુધી એકધારી ગુરુહરિ પપ્પાજી અને ગુરુ તારાબેનની નિષ્ઠાએ રહી સેવાભક્તિ કરી છે. થોડા દિવસોથી વધુ બીમાર હતાં. પણ તેમની એક વૃત્તિ પ્રભુમાં જ હતી. અખંડ ગુરુહરિ અને ગુરુનું સ્મરણ કરતાં.

પ.પૂ.તારાબેન વ્યાપક થયા બાદ તારાબેનનું જ સ્વરૂપ માનીને પૂ.માયાબેનની નાની-મોટી આજ્ઞાઓ અહોહોભાવે પાળી છે. ને છેલ્લી પળોમાં પણ સ્વામિનારાયણ – પપ્પાજી એમ રટણ સાથે તેમનો આત્મા દેહથી નોખો થઈ પ્રભુ સાંનિધ્યે બિરાજી ગયો. એવા આદર્શ સંત સ્વરૂપ હીરાબેનને હૃદયથી અંજલિ અર્પણ કરીએ છીએ.

★ તા.૧૫, ૧૬, ૧૭ ડિસેમ્બરના 'પરાભક્તિની સૌરભ' અને 'આતમ આરોગ્યનું ઔષધ' પુસ્તકમાંથી પારાયણ કર્યું. અને મુક્તોએ તેમનું મહિમાગાન કરી હીરાબેનના જીવનનું દર્શન કરાવ્યું. સ્વરૂપોના આશિષ માણ્યા.

તા.૧૭મી ડિસેમ્બરના મહાપૂજા કરી ને તેમના અસ્થિપુષ્પનું વિસર્જન મહીસાગર નદીમાં (વેરાખાડી) કર્યું.

ગુરુહરિ પપ્પાજીના સંકલ્પને ઝીલીને, પ્રથમ એકાવન બહેનોમાં સ્થાન મેળવી ધ્યેય સિદ્ધ કરી આદર્શ જીવન જીવ્યાં છે એવાં હીરાબેનને અમ સૌ બહેનોના અનંત વંદન છે.

## નિર્ણય

★ એકાદશી :
માગશર વદ-૧૧, ગુરુવાર, તા.૩૦.૧૨.૨૦૨૧

★ સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિન :
શુક્રવાર, તા. ૩૧.૧૨.૨૦૨૧

★ એકાદશી :
પોષ સુદ-૧૧, ગુરુવાર, તા.૧૩.૧.૨૦૨૨

★ પોષીપૂનમ, શ્રી ગુણાતીતાનંદસ્વામીજીનો દીક્ષાદિન
પોષ સુદ-૧૫, સોમવાર, તા.૧૭.૧.૨૦૨૨

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120




પ્રભુકૃપા તીર્થધામનાં દર્શન...

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India